॥ હરિઃૐ ॥

Publishers **HARIOM ASHRAM**, Nadiad, Gujarat

હરિઃૐ ગુંજન

HARI:OM GUNJAN (Gujarati Bi-Monthly)

Year : 5 • Issue : 3 • 5th November, 2022 • Price : Rs. 10

ચિત્રકુટ બંગ્લોઝ

॥હરિઃૐ॥
પૂજ્ય શ્રીમોટાનો ૧૨૫ મો પ્રાગટ્યદિન(જન્મદિન)
મિલન સમારંભ
તારીખઃ- ૧૮.૦૯.૨૦૨૨ રવિવાર, ભાદરવા વદ આઠમ, સંવત ૨૦૭૮

હરિઃૐ આશ્રમ, નડિયાદ પ્રકાશન

હરિઃૐ ગુંજન

'HARI:OM GUNJAN' (Gujarati Bi-monthly)

વર્ષ-૫, અંક-૩ માનદતંત્રીશ્રી : રાજેન્દ્રભાઈ રાવલ નવેમ્બર-ડિસેમ્બર, ૨૦૨૨

હુંપણું તો ટળવું જ જોઈશે

આપણા અહંપણાને આપણે વારંવાર જોયાં કરવાનું છે. એવા 'હુંપણા'ને પરિણામે જીવ કંઈક ને કંઈક કેવું કેવું મનમાં માની લેતો હોય છે ! અમથું અમથું જરાક પણ ઘવાતાં તે છાનું બેસી રહેતું નથી. એની ક્રિયા તો શરૂ થઈ જતી હોય છે. અહંતા પણ પ્રકૃતિનું કાર્ય છે એની પાછળ પ્રકૃતિની પ્રેરણા છે. આપણી એવી અહંતા ટળે એ સાધનામાર્ગ માટે ઘણું મોટામાં મોટું ને જીવ કાજે ભારેમાં ભારે મુશ્કેલ કાર્ય છે. પણ જે જીવને તે બાબતમાં ખરેખરાં ખાંખત ને કાળજી જાગ્યાં છે, તે કર્યા વિના છૂટકો જ નથી એમ જેને લાગ્યાં કરેલું છે, તો તેવાને તે દુર્લભ પણ નથી; મતલબ કે કરી શકાય એવું છે. એવા જીવ પ્રકારના 'હુંપણા'થી આપણે મુક્ત થવાનું જ છે. એવું મનમાં વારંવાર સતત દઢાવ્યા કરવાનું રાખો. એને સાંગોપાંગ આપણા સમજણના એકેએક અંગમાં ઉતાર્યા કરો. એનું માથું જરાક ઊંચું થતાં, પારખી કાઢવાનું કરો. તેમ થતાં એટલે કે ઊંચું માથું થતાં તેની અસર ટળી શકે કે ટાળી શકાય તેમ વર્તવાનું કરો.

('જીવનપોકાર' પાંચમી આ., પૃ. ૧૨૬) *પૂજ્ય શ્રીમોટા*

હરિઃૐ આશ્રમ પ્રેરિત ડૉ. વિક્રમ સારાભાઈ રિસર્ચ એવોર્ડ એન્ડોમેન્ટ
હરિઃૐ આશ્રમ ઠરાવ ક્રમાંક : ૧૮૦/૨, તા. ૨૨-૯-૭૩, નડિયાદ.

ઉપરોક્ત ઠરાવ પૂજ્ય શ્રીમોટાની સૂચનાનુસાર કરવામાં આવેલ. તે સમયે આ એવોર્ડ માટે રૂા. બે લાખની રકમ સ્થાયી સખાવત ફંડ માટે પીઆરએલ અમદાવાદ સાથે સલાહ મસલત કરીને આપવામાં આવેલ. જે તે સમયે તેના વ્યાજમાંથી કુલ ચાર વૈજ્ઞાનિક દરેકને એવોર્ડમાં રૂા. ૩૫૦૦/- આપવા. જેમાં વિજ્ઞાનની શાખાઓ જેવી કે ઇલેક્ટ્રોનિક્સ ટેલિકોમ્યુનિકેશન, ગ્રહો અને અવકાશ વિજ્ઞાન, વાતાવરણીય અને જળવિજ્ઞાન, સિસ્ટમ વિશ્લેષણ અને વ્યવસ્થાપન સમસ્યાઓ જેવા વિષયોમાં સંશોધન કરનારવૈજ્ઞાનિકોને સમિતિ દ્વારા નક્કી કરીને તેઓના મોભાને અનુરૂપ રહીને રૂપિયાના પ્રવર્તમાન મૂલ્યને લક્ષમાં રાખીને એવોર્ડની રકમ સમયાંતરે વધારવામાં આવે છે. હાલમાં બે સિનિયર વૈજ્ઞાનિકને દરેકને રૂપિયા બે લાખ પહેલા વર્ષે એટલે કે કુલ ચાર લાખ અને બીજા વર્ષે ચાર જુનિયર સાયન્ટિસ્ટને દરેકને રૂા. પચાસ હજાર એટલે કે કુલ બે લાખ રૂપિયાની રકમના એવોર્ડ આપવામાં આવે છે.

વિશેષમાં આશ્રમે સ્થાયી અનામત ફંડની રકમ જે સમયાંતરે **રૂા. ૮૫ લાખ** જેટલી હતી તેમાં **માર્ચ-૨૦૨૨માં રૂા. વીસ લાખ** આપવામાં આવેલ અને **સપ્ટેમ્બર-૨૦૨૨માં બીજા રૂા. ચોવીસ લાખ**ની રકમનો ચેક આપેલ છે. એટલે કે કુલ **રૂા. એક કરોડ ઓગણીસ લાખ**ની રકમનું **સ્થાયી સખાવતી ફંડ** પીઆરએલના એસબીઆઈ એકાઉન્ટમાં જમા થશે.

આશ્રમે સદરહુ સ્થાયી સખાવતની રકમની થાપણો રૂા. બે કરોડ જેટલી કરવાનું લક્ષ નિર્ધારીત કરેલ છે. જેથી સર્વે સ્વજનોને પૂજ્ય શ્રીમોટાએ પ્રેરેલ યજ્ઞમાં પરમાર્થે ઉદાર હાથે દાન આપવા હૃદયપૂર્વકની હાર્દિક અપીલ.

WEBSITE : www.hariomashram.in E-MAIL : hariommota10@gmail.com

ટ્રસ્ટીમંડળ

શ્રી જિતેન્દ્રકુમાર જી. અમીન
શ્રી રાજેન્દ્રભાઈ બી. રાવલ
શ્રી જોગેશ(મંગેશ)ભાઈ ડી. પટેલ
શ્રી પ્રણવભાઈ એસ. પટેલ
શ્રી કીર્તિભાઈ બી. પરમાર

૫મી તારીખે દ્વિમાસિક અંક પ્રગટ થાય છે. બદલાયેલ સરનામાની જાણ ગ્રાહક નંબર સાથે આશ્રમના વોટ્સએપ નંબર ઉપર અથવા હરિઃૐ આશ્રમ, પો.બો. નં. ૭૪, નડિયાદ-૩૮૭૦૦૧ને કરવી.

હરિઃૐ આશ્રમ, નડિયાદ
સંપર્ક : મો. ૭૮૭૮૦ ૪૬૨૮૮
પરેશભાઈ : ૯૪૦૮૯ ૨૦૭૫૭
રાજેન્દ્રભાઈ : ૯૯૭૮૪ ૦૫૨૩૧

લવાજમ

છૂટક નકલ : રૂ. ૧૦/- વાર્ષિક : રૂ. ૬૦/-
પાંચ વર્ષ : રૂ. ૨૫૦/- દસ વર્ષ : રૂ. ૪૦૦/-

પ્રકાશન સ્થળ : હરિઃૐ આશ્રમ, પો.બો. ૭૪, શેઢી નદીને કિનારે, જૂના બિલોદરા, નડિયાદ-કપડવંજ રોડ, નડિયાદ-૩૮૭૦૦૧

મુદ્રક : સાહિત્ય મુદ્રણાલય પ્રા.લિ., સિટી મિલ કમ્પાઉન્ડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦ ૦૨૨

અનુક્રમણિકા

ક્રમ	વિષય		પૃષ્ઠ
૧.	૧૨૫મા ઉત્સવનો અહેવાલ	શ્રીમોટા	૫
૨.	પૂજ્ય શ્રીમોટાની ટેપરેકોર્ડેડ વાણી	શ્રીમોટા	૬
૩.	દંપતીએ સહજીવનમાં ધ્યાનમાં રાખવાની સરળ સમજ	શ્રીમોટા	૮
૪.	આખરે વાછરડું ખીલે બંધાયું - ૧૯૬૦	એક સ્વજન	૧૧
૫.	સાધનામાં ને વહેવારમાં આશા	શ્રીમોટા	૧૪
૬.	બાલ-વિકાસમાં પ્રેમનું સ્થાન	શ્રીમોટા	૧૪
૭.	ગુરુનું કાર્ય શિષ્યને જગાડવાનું છે	કાર્તિકેય અ. ભટ્ટ	૧૫
૮.	'મોટા'નો જયજયકાર હો !	રમેશ મ. ભટ્ટ	૧૭
૯.	વચનપાલન-આવા ભાવે થવું ઘટે	શ્રીમોટા	૧૯
૧૦.	અથાગ પરિશ્રમ	શ્રીમોટા	૨૦
૧૧.	વૃત્તિઓ	શ્રીમોટા	૨૧
૧૨.	સમર્પણ	શ્રીમોટા	૨૨
૧૩.	જીવન-સાથી પ્રત્યેનો ધર્મ	શ્રીમોટા	૨૩
૧૪.	મોટાચરણે : આંતરપ્રવેશ	કાર્તિકેય ભટ્ટ	૨૪
૧૫.	સદ્‌ગુરુનો સમાગમ	સિસ્ટર નિવેદિતા સ્કૂલ	૨૬

હરિઃૐ આશ્રમ, નડિયાદને દાન-ભેટ આવકાર્ય છે.

આશ્રમના બેંકખાતામાં કોઈ પણ બેંકની પેમેન્ટ એપ, RTGS, NEFT, IMPS, UPI મારફતે નાણાં મોકલી શકાય છે.

એકાઉન્ટનું નામ	:	**હરિઃૐ આશ્રમ, નડિયાદ,** HARI OM ASHRAM, NADIAD
બેંકનું નામ	:	BANK OF BARODA - બેંક ઓફ બરોડા, Mission Road Branch, Nadiad
સેવિંગ્સ એકાઉન્ટ નંબર	:	72850100008267
IFSC કોડ	:	BARB0DBMISS (Fifth Character is ZERO) (પાંચમો આંકડો શૂન્ય સમજવો.)

ઓનલાઈનથી દાન મોકલનાર **સ્વજને તેમનું પૂરું નામ, અટક, સરનામા (પીનકોડ સહિત)**ની જાણ દર્શાવેલ આશ્રમના વ્હોટ્સએપ નંબર ઉપર **મોબાઈલ નંબર, પાનકાર્ડ / આધારકાર્ડ** સાથે બિનચૂક કરવાથી જ ઈન્કમટેક્ષમાંથી કરમુક્તિને પાત્ર થશે અન્યથા કરમુક્તિ મળશે નહીં. **(ઈન્કમટેક્ષ એક્ટની કલમ ૮૦(જી)(૫) અન્વયે ભેટની રકમ કરમુક્તિને પાત્ર છે.)**

વ્હોટ્સએપ નંબર : પરેશભાઈ શાહ (મેનેજર) : ૯૪૦૮૯ ૨૦૭૫૭ અથવા રાજેન્દ્રભાઈ રાવલ : ૯૯૭૮૪ ૦૫૨૩૧

ઉપરોક્ત પદ્ધતિથી 'હરિઃૐ ગુંજન'નું લવાજમ પણ મોકલી શકાશે.

૧. પૂજ્ય શ્રીમોટાના ૧૨૫મા અવતરણદિન ઉત્સવ-અહેવાલ - રાજેન્દ્રભાઈ રાવલ

આ વર્ષનો ઉત્સવ પૂજ્ય શ્રીમોટાનો ૧૨૫મો અવતરણદિન હોઈને હરિઃૐ આશ્રમ, નડિયાદ દ્વારા અગાઉથી જ આયોજન કરવામાં આવેલ, જેમાં પૂજ્ય શ્રીમોટાના સ્મૃતિચિહ્ન સંભારણા તરીકે વીસ ગ્રામ ચાંદીની મુદ્રા ઉત્સવના દિવસે આપવાનું નક્કી કરેલ.

બીજું ઉત્સવને રંગેચંગે ઉજવવા માટેની પણ યોજનાબદ્ધ તૈયારીઓ ઉત્સવના યજમાન સર્વે શ્રી મિતેશભાઈ કનુભાઈ પટેલ અને તેમનાં બહેન આશાબહેન કનુભાઈ પટેલ તથા નરોડાના સ્વજનો અને આશ્રમના ટ્રસ્ટીશ્રીઓએ અનેક મિટિંગ કરેલ હતી. જેના કારણે સુરત, લવાછા, નડિયાદ, વડોદરા તેમજ ગુજરાતના વિવિધ જિલ્લામાંથી અંદાજે ૩૨૫ જેટલા સ્વજનો રાત્રિ રોકાણ સહિત તા. ૧૭-૯-૨૦૨૨ને શનિવારના રોજ નરોડા મુકામે ઉત્સવના ઉતારા સ્થળે આવી ગયેલા. તે જ દિવસે યજમાનના ઘરેથી બપોરના ૩:૦૦ વાગ્યે પૂજ્ય શ્રીમોટાની પ્રતિકૃતિને બગીગાડીમાં બેસાડીને વાજાબેન્ડની સુરાવલિઓ સાથે રસ્તામાં ગરબા ગાતાં ગાતાં બરાબર ૫:૦૦ વાગ્યે ઉત્સવના સ્થળે આવી પહોંચ્યા. ઉત્સવની શરૂઆત શારદાવંદના, ગણેશસ્તુતિ, શિવસ્તુતિ અને મહિષાસુરમર્દિનીસ્તુતિ ભરતનાટ્યમ્ શૈલીથી કરવામાં આવી. તેમજ ભજનકિર્તન કરવામાં આવ્યું. ત્યારબાદ રાત્રિભોજનનો રસાસ્વાદ લઈને સૌ રાતવાસો કરવા માટે પોતાના સ્થળે ગયેલા.

તા. ૧૮-૯-૨૦૨૨ના બીજા દિવસની સવારથી જ પૂજ્ય શ્રીમોટાના સ્વજનો અલ્પાહાર લઈને પોતાની જગ્યાએ ગોઠવાઈ ગયેલ અને ધીમેધીમે સ્વજનોની સંખ્યા વધતાં હોલ ઉપરાંત નીચેના ભાગે મોટા ટીવી સ્ક્રીનથી સ્વજનો ઉત્સવનો આનંદ માણતા હતા.

ડૉ. મિતાલીબેન નાગ દ્વારા હરિઃૐ નામસ્મરણ અને ભજનો ગાઈને સ્વજનોને મોટામય બનાવેલ. નરોડા ગામની એક નાનકડી બાલિકા કે જેની ઉંમર સાડા ત્રણ વર્ષની હશે તેણે સ્વયં પોતાના આગ્રહથી પૂજ્ય શ્રીમોટા વિષે કાલીકાલી ભાષામાં સંબોધન કરેલ જે ખરેખર હૃદયગમ્ય રહેલ. ત્યારબાદ કાજલબેન ઓઝા વૈદ્ય દ્વારા પૂજ્ય શ્રીમોટાના વિવિધ પુસ્તકોને આધારે બહેનો તેમજ ભાઈઓ માટે સાંસારિક બાબતો વિષેની છણાવટ અનોખી શૈલીથી કરેલ હતી જે ખૂબ જ પ્રશંસનીય હતી.

હરિઃૐ આશ્રમ દ્વારા તેમજ યજમાન પરિવાર દ્વારા વિવિધ મહાનુભાવોને મોમેન્ટો આપીને તેમજ શાલ ઓઢાડીને સ્વાગત કરેલ અને સૌનો આભાર વ્યક્ત કરેલ. હરિઃૐ આશ્રમના મે. ટ્રસ્ટી શ્રી જીતેન્દ્રભાઈ અમીન દ્વારા પીઆરએલ મારફતે આપવામાં આવતા ડૉ. વિક્રમ સારાભાઈ એવોર્ડની વિગતવાર સમજણ આપવામાં આવેલી. ત્યારબાદ ગુરુવંદના કરીને પૂજ્ય શ્રીમોટાએ જણાવેલ મહાપ્રસાદ ખીચડી-કઢી, રીંગણ-બટાકાના શાકનું ભોજન લઈને આનંદવિભોર થતાં થતાં પોતપોતાના ગંતવ્ય સ્થાને જવા માટે રવાના થયેલ. સદરહુ કાર્યવાહીમાં જાણેઅજાણે થયેલ ક્ષતિ બદલ ક્ષમાયાચના. સૌનો આભાર. અસ્તુ.

'હરિઃૐ આશ્રમ, નડિયાદ'ને આર્થિક સહયોગ

માહે ઑગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૨૨	**રૂા. ૭,૦૬,૪૭૩/-**
ઉત્સવમાં સ્વજનો તરફથી	**+ રૂા. ૯,૩૪,૦૦૦/-**
ઉત્સવના યજમાન દ્વારા	**+ રૂા. ૫,૫૫,૫૫૫/-**
એટલે કે કુલ દાન	**રૂા. ૨૧,૯૬,૮૦૦/-**

શ્રીહરિ મોટા સૌનું યશ-કલ્યાણ પ્રેરે તેવી હૃદયપૂર્વક પ્રાર્થના.

ચાંદીના સિક્કાની વિગત

૨૦ કિલો ચાંદીની કિંમત ટેક્ષ સાથે	**રૂા. ૧૧,૭૪,૦૦૦/-**
સિક્કા બનાવવાની મજૂરી	**રૂા. ૮૫,૦૦૦/-**
એટલે કે કુલ	**રૂા. ૧૨,૫૯,૦૦૦/-**

કુલ એક હજાર નંગ સિક્કા બનાવેલ જેથી એક સિક્કાની કિંમત રૂા. ૧૨૫૦/- લેખે ગણેલ છે.

ગતાંકથી ક્રમશઃ

મારો ભગવાન-મારો ગુરુમહારાજ મને કહેતો, ''અલ્યા દીકરા'' ઓગણીસો ને બાવીસની સાલમાં મને કહ્યું, છેક મને મારો નડિયાદનો આશ્રમ છે તે ઝાડ પર મને બેસાડ્યો... એ ઝાડ પર બેસાડીને કહે – ઉપર હાં ડાળ ઉપર, – ત્યારે ત્યાં આગળ એક કબીર આશ્રમ હતો કે, ''દીકરા, જા ઝાડ પર બેસ. રાત્રે ઊંઘવાનું નહિ અને ભગવાનનું નામ તું લે.'' પણ તે પહેલાં તો કહે, ''જા, તું એક દસ-બાર મોટા પથરા લઈ આવ.'' એટલે લઈ આવ્યો. હું ત્યારે સમજ્યો કે આ પથરા એટલા માટે મંગાવ્યા છે કે ''જો, તું ઊંઘ્યો તો આ પથ્થર તને મારીશ.'' હું તો જાણું કે અમસ્તા કહે છે. એ કંઈ પથ્થર મારે આપણને કંઈ ? હું તો ઉપર બેસી ભગવાનનું ભજન ગાઉં, બોલું, ભગવાનનું નામ બોલું. પણ સાહેબ, ખરેખર એણે એવો તો પથ્થર માર્યો કે મારા સાથળમાં વાગ્યો. હજુ જ્યારે મને ભાવથી મારા ગુરુમહારાજનું સ્મરણ થાય છે, કોઈ નિમિત્ત સંજોગે ત્યારે મારા સાથળમાં હજુ મને એ ઊભરે છે. ગમે એ જાતનો દાવો કરીએ, તે અહીં થઈ ગયો, ''પ્રભુ, હું તો ભગવાન...'' ''સાલા !'' કહે **''ઊંઘમાં બોલતો હતો તું તો... જાગતો... જે તે કંઈ જાગતાં કરીએ. જાગતાં જાગતાં કરીએ જરૂર ફળે છે.''** હું તો ત્યારે સમજતો ન હતો. બહુ રૉ (Raw) હતો. અડબોથ હતો સાવ. એટલે મને પહેલાં સમજણ ન પડી. **આજે સમજણ પડે છે કે જે કંઈ કરીએ જ્ઞાનપૂર્વક અને એના હેતુની પૂરેપૂરી સભાનતા સાથે. એ યોગ્ય છે. ત્યારે મને ખબર નહોતી.** ત્યારે એવી ગરીબાઈમાંથી એણે મને આ ભગવાનની ભક્તિ કરતાં કરતાં તાર્યો. અને ભગવાન સીધો નથી ભાઈ હોં, મારો બેટો એ પણ અવળચંડો છે. આપણે આમ ન પકડ્યા તો એ હબસીની પેઠે ડાબો કાન પકડાવે એવો પણ છે કે મને આ હિસ્ટીરિયા એટલે ફેફરાનો-બહેનોને થાય તેને હિસ્ટીરિયા કહે છે અને મરદને ફેફરાનો રોગ થાય છે – તેવો મને રોગ થયો. સાહેબ, ત્યારે હું સેવાના કામમાં તો પડી ચૂકેલો હતો. ઈન્દુલાલ યાજ્ઞિક હજુ જીવે છે. ત્યારે અંત્યજ – અંત્યજ સેવા મંડળ નામ – તેમના મંત્રી તરીકે હું લગભગ ૧ાા વર્ષ સુધી મેં કામ કર્યું. અને ત્યારે આ રોગ થયો. પણ મને દેશ પરત્વેની બહુ દેશદાઝ હતી. ત્યારે પણ એટલો જ અનંત જુસ્સો હતો અને કૉલેજ – આર્ટ્સ કૉલેજ – વડોદરામાંથી જ છોડીને વિદ્યાપીઠમાં ગયા. ગાંધીજીએ પ્રવચન કર્યું કે, ''અલ્યા મારા હાળા તમે તો એક ડિગ્રીનો મોહ છોડીને બીજી ડિગ્રીનો મોહ તો કાયમ રાખ્યો તમે. કંઈ તમે છોડ્યું ? મારી તો એવી મરજી કે તમે જુવાનિયાઓ દેશના કામમાં પરોવાવો. અને આ દેશનાં ગામડાંઓમાં જઈને કામકાજ કરો. એ જે મારી તો મરજી હતી. અને તમે તો આ મોહ કાયમ રાખ્યો.'' તરત જ સાહેબ નીકળી પડ્યો. તરત જ – તે જ પળે. એક મિનિટ વાર થોભ્યો નથી હું. અને એ કામમાં પડ્યો હું. ત્યારે તે વખતે હું જ્યારે ઈન્દુલાલની સાથે અંત્યજ સેવા મંડળનો મંત્રી હતો. અમારી ગૂજરાત વિદ્યાપીઠમાંથી પહેલવહેલો હું આમાં જોડાયો. ત્યારે આ ફેફરાનો રોગ થયો. પણ મેં કામ બંધ નથી કર્યું. મારે જવું હોય બેંકમાં – પૈસા લાવવાના; ઘણી વાર પૈસા હતા ગજવામાં. રસ્તામાં સાઈકલ પરથી પડી જઉં. ઘણું વાગે. પણ આજે હું યાદ કરું છું કે ભગવાન કેટલો બધો... ! મારા પર કૃપા કરી. એક વખત મારો પૈસો ગયો નથી. ઘણા માણસો ફરી વળે પણ ભગવાને મને સાચવ્યો છે. એ બધા ઉપકાર હું યાદ કરું છું આજે ત્યારે મારાથી ગદ્‌ગદ થઈ જવાય છે. ત્યારે એ સ્થિતિમાં આ મટે કેમ ? હું કંટાળી ગયેલો. મને એમ થયું કે આ બૈરાંને રોગ થાય છે. આટલો હું સંયમ નથી રાખી શકતો ! એના કરતાં તો બહેતર છે મરી જવું. આત્મસમર્પણ કરી દેવું. એમ વિચાર કરીને નર્મદામાં પડતું પણ નાંખ્યું, સાહેબ હાં ! હજુ મને યાદ છે એ પ્રસંગ. મારા પગ પાણીને અડેલા એ સ્પર્શનો પણ મને આજે અનુભવ છે. પણ નર્મદામાંથી એક મોટો વંટોળિયો

નીકળ્યો કે વંટોળિયાએ મને ફેંકી દીધો. કિનારાથી કેટલો બધો દૂર ! જગતમાં કેટલીય એવી ઘટનાઓ બને છે કે આપણી બુદ્ધિ નહિ સમજી શકે. આજે આટલો બધો વડોદરાના ભાઈઓએ, બીજા અમદાવાદના ભાઈઓએ, મુંબઈના ભાઈઓએ જે મદદ કરી છે મને ! મારા ગરીબને કલ્પના નથી કે મને સાત લાખ રૂપિયા મળે. મારી એવી કોઈ પ્રતિષ્ઠા નથી. આ બધું કામ મેં ઉપાડ્યું છે. એકલે હાથે કરું છું. રચનાત્મક કામમાં હું તો પડેલો માણસ. મારી સાથે ઘણા બધા છે. આ મહાસભાનો અડ્ડો ગણાય. પણ બધા વખાણે છે કે, ''મોટા, કામ તારું સારું છે.'' મારા ગુરુમહારાજ કહેતા, ''બેટા, ચીલે ચાલવું નહિ, ચીલે ન ચાલવું.''

''ચીલાચાલુ જ જીવનને જરા અમથી ન કિંમત છે.''

આપણો માર્ગ મસ્તીનો છે, મસ્તનો છે, ખાખી બાવાનો છે. એટલે આપણાં કામ પણ મૌલિક હોય. મને તો એવી સમજણ છે મારા ગુરુમહારાજના આશીર્વાદથી - ભગવાનની કૃપાથી કે જે અનુભવી હોઈ જો કાળને ન પારખી શક્યો, કાળનો ધર્મ ન પારખી શક્યો, તો એ નહિ ચાલી શકે. અને આપણા દેશમાં, આપણા સમાજમાં આ મર્દાનગી, સાહસ, હિંમત એ નહિ હોય તો આપણો દેશ બેઠો કેવી રીતે થવાનો ! દેશ બેઠો એકલી લક્ષ્મીથી કદી થવાનો નથી સાહેબ. લક્ષ્મી સાધન છે, જરૂરિયાત છે. પણ લક્ષ્મીવાળા પાસે ગુણ અને ભાવ નહિ હોય તો એ સ્વચ્છંદી થઈ જશે. તો લક્ષ્મીનો દૂરુપયોગ થવાનો છે. અને લક્ષ્મી એ શક્તિ છે, માતા છે. ત્યારે મારા ગુરુમહારાજે મને જે કહ્યું... ત્યારે આ જ રીતે તરણાનો મેરુ બનાવી દે છે. એવી રીતે મને ફેફરું તો થયું. પાછો મને ફેંકી દીધો. એમાંથી એક સાધુ મહાત્મા મળી ગયા. કહે, ''બેટા, તુ હરિઃૐ કર.'' મેં કહ્યું, ''ભાઈ આ ભગવાનનું આવું હરિઃૐ બોલ્યાથી કંઈ મટે રોગ ! કંઈ જડીબુટ્ટી જાણતા હોત ને મને કંઈ આપી હોત તો હું રાજી થાત કે ચાલો આ મહાત્મા આવેલા છે તે જંગલની જડીબુટ્ટી જાણતા હશે ને મટી જશે મને. પણ આનો મને વિશ્વાસ ન બેઠો. ત્યાંથી વડોદરા આવ્યો. મારાં એક બીજાં આધ્યાત્મિક મા હતાં. આ જ રાજના એક દીવાન હતા મણિભાઈ જશભાઈ, પેટલાદના. તેમના દીકરા પણ બહુ મોટા અમલદાર હતા. જૂનાગઢના નવાબની પાસે. તેમનાં પત્ની હતાં તે બહુ ભક્તિવાળાં. મારા... ગરીબ વિદ્યાર્થી તરીકે એમને ત્યાં રહેતો.. અને મારા પર બહુ ભાવ રાખતાં. ખરી રીતે જોઉં તો એ માનું મારા પર ઋણ છે. આ જે ભક્તિ મારામાં ફૂટી તે એને લીધે. તે સયાજીરાવ મહારાજ હતા એ બધા તે.... આખા હિંદુસ્તાનમાં પ્રખ્યાત એવા મૌલાબક્ષને – મૌલાબક્ષ ત્યારે હિંદુસ્તાનના પ્રખ્યાત – ગવૈયાને તેડેલા. એમની પાસે શીખેલાં. અને ભક્તિનાં પદ એ ગાતાં. એના મને સંસ્કાર પડેલા ત્યારે એ પછી ભગવાનનું નામ,... તે હું વડોદરા આવ્યો તે ત્રીજા માળથી દાદરો ઊતરવા જતો હતો, ત્યાં મને ફેફરું આવ્યું અને ગબડીને પડ્યો. એનાં પગથિયાં પરથી લપસી લપસીને – અને નીચે ઈંટની ફરસબંધી હતી. ત્યાં મારું શરીર ઘણું ઘસાયું. ત્યારે ત્યાં મને એનાં દર્શન થયાં. આંખ્યો તો મારી ઉઘાડી હતી. પણ ત્યારે મારી બુદ્ધિ એવી નહિ – નહિ સમજી શકું કે આ ભ્રમણા છે. ''અલ્યા, પણ છોકરા આટલો દુઃખી થાય છે તે ભગવાનનું નામ લઈ તો જો, પ્રયોગ તો કરી જો. તું બુદ્ધિવાળો હોય તો.... ! તું હજુ રૅશનલ (Rational) નથી.'' ''કેમ બાપજી ?'' ''તો પ્રયોગ કર્યા વિના તું એમ ને એમ કહે કે ના એનાથી નહિ થાય !''

તો, એ તો પછી જતા રહ્યા. હું જરા સ્વસ્થ થયો. એટલે મારાં અધ્યાત્મિક માને વાત કરી. ''અલ્યા છોકરા, તું કંઈ કર.'' પછી મેં બાપુજીને કાગળ લખ્યો – ગાંધીજીને, કે આવો મને રોગ છે. આવી રીતે આ ફેફરામાં હું પડેલો ત્યાં મને દર્શન દીધાં અને મને આવું કહ્યું કે ''તું આ ભગવાનનું નામ લે.'' તો એમનો કાગળ મારા પર આવ્યો કે ''ભાઈ, સાચી વાત છે. તું ભગવાનનું નામ લે અને તને મટી જશે.'' એમનામાં મને અનંત વિશ્વાસ – ગાંધીજીમાં ત્યારથી રહેવા લાગ્યો.

હરિઃૐ તત્સત્

૩. દંપતીએ સહજીવનમાં ધ્યાનમાં રાખવાની સરળ સમજ - શ્રીમોટા

ગતાંકમાં પતિએ પત્નીની સાથે કેમ વર્તન કરવું તે બાબત પૂજ્ય શ્રીમોટાએ સમજપૂર્વકનું વર્તન કરવા જણાવેલ છે. આજના લેખમાં પત્નીએ પતિ સાથે કેમ વર્તન કરવું તેની ખૂબ જ ઊંડાણપૂર્વકની વિગતો દર્શાવી છે અને સાસરાને તપોભૂમિ અને ભગવાનની વ્રજભૂમિ સાથે સરખાવી છે. — સંપાદક

ગતાંકથી ક્રમશઃ

દામ્પત્યજીવનની કેળવણીના સંદર્ભમાં પતિને ધ્યાનમાં રાખી ઘણું ઘણું કહ્યું છે તેમે પત્નીને પણ કેન્દ્રમાં રાખી કેળવણીલક્ષી ઘણું ઘણું કહ્યું છે. શ્રીમોટા ભારપૂર્વક જણાવે છે કે **પ્રત્યેક પુરુષના જીવનમાં 'સ્ત્રી' જાણ્યે-અજાણ્યે માર્ગદર્શક હોય છે. ''પુરુષ મા, બહેન, પત્ની, કે ઉપપત્ની કે એવી અન્ય સ્ત્રીની દોરવણીથી ચાલતો હોય છે.''** ('લગ્ને હજો મંગલમ્', પૃ. ૧૨) પુરુષોના જીવનમાં સ્ત્રી મહત્ત્વનો ભાગ ભજવે છે તેનું જીવતું જાગતું ભાન પુરુષને હોતું નથી. પરિવારવર્તુળમાં કેન્દ્રસ્થાને (પત્ની) સ્ત્રી હોય છે. તેથી પરિવારની સમૃદ્ધિમાં સ્ત્રી જેટલું કરી શકે તેટલું બીજું કોઈ નહિ. પત્નીનો વ્યવહાર કેવો હોવો જોઈએ ? પતિ સાથેનું વર્તન, બાળકો સાથેનું વર્તન-સાસુ જોડેનું કે પરિવારના સભ્યો સાથેનું તેનું વર્તન, કેવું હોવું જોઈએ ? વિચારો પ્રત્યક્ષ સ્વરૂપે દામ્પત્યજીવનની કેળવણી સમાન છે.

પત્ની સંબંધક વિચારો :

* ''પતિના જીવનમાં એક પ્રેમરસભાવે ભળી જવા બધું મથી મરજે. જીવનમાં એકરાગ-એકરસ પ્રગટ્યા વિના સાચો આનંદ જન્મતો નથી.'' ('મુક્તાત્માનો પ્રેમસ્પર્શ', પૃ.૬)
* ''સંસારમાં પોતાના પતિ સાથે સુખી રહેવા માટે તેના પરત્વેનો કોઈપણ જાતનો પૂર્વગ્રહ મનમાં બંધાઈ ગયો હોય તે ટળે તે જરૂરનું છે.'' ('લગ્ને હજો મંગલમ્', પૃ. ૧૧૫)
* ''પતિ પ્રત્યે ભક્તિભાવ રાખજે. એ તારી સેવા કરે કે ન કરે તેની કશી અસર મન પર ન થવા દેવી. આપણે આપણો ધર્મ બજાવવો.'' ('મુક્તાત્માનો પ્રેમસ્પર્શ', પૃ.૪૨)
* ''ઘર-સંસારમાં જે સ્ત્રી સૌથી પહેલાં પોતાના પતિને રાજી ન કરી શકે તે સ્ત્રી મારે મન સ્ત્રી જ નથી. જો આપણો આપણા પતિ પરનો હૃદયનો સાચો પ્રેમભાવ હોય તો એના કાજે એને પ્રસન્ન રાખવા કાજે મૃત્યુ પણ આપણને વહાલું લાગવું જોઈએ. પતિ-ને આપણી વચ્ચે કોઈ જાતનો ભેદ ન હોવો જોઈએ. પતિ જ આપણું સર્વસ્વ છે.'' ('પૂ. શ્રીમોટાની દામ્પત્યભાવના', પૃ. ૯૭)
* ''આપણે આપણા પ્રેમીમાં ભળી જવાનું છે, મળી જવાનું છે, **એટલે આપણે આપણું સ્વતંત્ર વ્યક્તિત્વ પણ મિટાવી દેવાનું છે.''** ('લગ્ને હજો મંગલમ્', પૃ.૧૭)
* **''આપણો પતિ આપણને ચાહતો ના હોય તો પણ તેને ચાહીને તેના સુખ માટે ઘસાઈ જવું; એક દિવસ તેનું પરિવર્તન થશે.''** ('શ્રીમોટા સાથે વાર્તાલાપ',પૃ.૭૭)
* ''જે સ્ત્રી ભક્તિપૂર્વક, શ્રદ્ધાપૂર્વક, જ્ઞાનપૂર્વક પોતાના પતિને આધીન રહે છે તે સંસારને તરી જાય છે ને પોતાના પતિને પણ તારી શકે છે.'' ('પૂ. શ્રીમોટાની દામ્પત્યભાવના', પૃ.૧૦૪)
* ''આપણો વર એ કોઈ શરીરધારી જીવ છે, તે નથી. પણ એનામાં જે ભગવદીય ચેતના છે તે આપણો 'વર' છે. એને આપણે રાજી કરવાનો છે.'' ('લગ્ને હજો મંગલમ્', પૃ.૭૧)
* ''પતિએ શરીરનો પતિ નથી, પરંતુ આત્માના અધિષ્ઠાનની ભૂમિકારૂપે આત્માના ભાનને જગાડવાને માટે તે મળેલું સાધન માત્ર છે. એ રીતે આપણાં દૃષ્ટિ, વૃષ્ટિ અને વલણ તેમનામાં રાખવા.'' ('મુક્તાત્માનો પ્રેમસ્પર્શ', પૃ.૯૩)

* "હિન્દુ સ્ત્રીને પરણ્યા પછી નવો અવતાર આવે છે. એના મા-બાપ, વાતાવરણ ને જીવન બધું જ પલટાઈ જાય છે એણે પોતાની રહેણીકરણી, સ્વભાવ એ બધું જૂનું ગણી ભૂલી જવાનું હોય છે અને નવા વાતાવરણને અનુકૂળ થવાનું હોય છે. તેથી એ નવો જન્મ ગણાય છે."
('પૂ. શ્રીમોટાની દામ્પત્યભાવના', પૃ. ૯૪)
* **"સાસુ સાથેનો આપણો સંબંધ ખૂબ ભાવવાળો રાખવો. એ આપણાં મોટાં બહેન કે મા હોય એવી હૃદયની ભાવના વધુને વધુ કેળવવી."**
('પૂ. શ્રીમોટાની દામ્પત્યભાવના', પૃ. ૯૭)
* **"એ જ (સાસરું) આપણું તો તપોવન છે."**
('લગ્ને હજો મંગલમ્', પૃ. ૩૬)
* "વહુ તો ઘરની શોભા છે. ઘર વહુથી શોભે છે. ઘરના સંસ્કાર વહુથી શોભે છે. ઘરના સંસ્કાર વહુથી જણાઈ આવે છે. વહુ ઘરનું ઢાંકણ છે."
('પૂ. શ્રીમોટાની દામ્પત્યભાવના', પૃ. ૭૫)

ઉપરોક્ત વિધાનો 'પત્નીની કેળવણી' સંબંધી પ્રકાશ પાડે છે. શ્રીમોટા જણાવે છે કે **આદર્શ પત્ની બનવા અથવા સાચા અર્થમાં અડધું અંગ બનવા કાજે પત્નીએ પતિના જીવનમાં એકરૂપતાથી હૃદયસ્થભાવે મળી જવું જોઈએ.** પતિ જ સર્વસ્વ છે તેવી હૃદયની ભાવના વિકસાવી પતિને પ્રસન્ન રાખવા, મૃત્યુને પણ વહાલું કરવું જોઈએ. પતિના સુખ અને તેની પ્રસન્નતા ખાતર તેની સાથે હૃદયથી ભાવપૂર્ણ રીતે અનુકૂલન સાધવાનું છે. પતિના આદર્શો, રહેણીકરણી, મંતવ્યો, વિચારો, સંસ્કારો, વૃત્તિઓ, ધર્મ, ટેવો અને આર્થિક સદ્ધરતા વગેરે અનેક બાબતોમાં સમજપૂર્વકનું અનુકૂલન સાધવું એ જ પત્નીના જીવનની સાચી દિશા છે. **વર્તમાન યુગમાં શિક્ષિત સ્ત્રીઓ પોતાના પતિ સાથે કે પતિના પરિવાર સાથે અનુકૂલન સાધવા કરતાં "Action reaction"... (ક્રિયા-પ્રતિક્રિયા)ની વૃત્તિમાં વધુ ધ્યાન આપે છે. તેથી ઉભય પક્ષે કજિયા, કંકાસ, વૈચારિક અથડામણો અને માનસિક તનાવ ઊભા થાય છે. ચેતવણીના સ્વરૂપે શ્રીમોટા સમજાવે છે કે કોઈપણ પ્રકારનો પતિ પરત્વેનો પૂર્વગ્રહ બંધાયો હોય તો તે ટળવો જ જોઈએ.** કોઈપણ પ્રકારની અપેક્ષા વગર પતિની સેવા કરી પત્નીએ પોતાનો નિજધર્મ બજાવવાનો છે. ભક્તિભાવે સ્નેહપૂર્ણ રીતે પોતાનો સ્વધર્મ બજાવનાર પત્ની પતિમાં પણ પતિધર્મનું જ્ઞાન પ્રકટાવી શકે છે, આમ શ્રીમોટાએ પોતાના વિચારોમાં સ્ત્રીશક્તિને બિરદાવી છે.

પ્રગતિશીલ સમાજમાં પ્રગતિના ઠેલા નીચે આજકાલ સ્વચ્છંદતા અને તરકટતા વધતી જાય છે. પતિના કહ્યામાં રહેવું, હૃદયપૂર્વક પતિના પથ પર ચાલવું. તેને ગુલામી કહેવામાં આવે છે. **પતિને આજીવન ભેરુ તરીકે ન ગણતાં Life partner તરીકે જોવાની ફેશન વધતી જાય છે.** તેથી જ્યાં આવી partnership ઊભી થાય ત્યાં સ્વાભાવિક ક્રિયા પ્રતિક્રિયા, વાદ-વિવાદ, ફરજ-અધિકાર, નફો-નુકસાન-જેવા જીવનમાં સ્થૂળ દ્વંદ્વો દાખલ થાય છે. પરિણામે પતિ અને પત્ની વચ્ચે માનસિક દીવાલો નિર્માણ થવાની. જેથી દાંપત્યજીવનમાં સ્નેહ અને સહકારના સ્થાને દાવા અને પ્રતિદાવા વધુ મજબૂત બનતા જાય છે. અંતમાં બે જિંદગીઓમાં સમાયેલું એકત્વવાળું જીવન તૂટવા માંડે છે. આવા આ આધુનિક યુગમાં શ્રીમોટાનું દામ્પત્યજીવનનું કેળવણીલક્ષી ચિંતન દીવાદાંડી સમાન છે. **તેઓ જ્ઞાનપૂર્વક, શ્રદ્ધાપૂર્વક અને ભક્તિપૂર્વક પતિને આધીન થવા પત્નીને જણાવે છે.** આવી સમજદારીપૂર્વકની આધીનતા પાછળ તેમનું સૂક્ષ્મ તત્ત્વજ્ઞાન રહેલું છે. **જ્યાં ભક્તિમય આધીનતા હશે ત્યાં અધિકાર ઓગળી જશે. જ્યાં શ્રદ્ધાપૂર્ણ આધીનતા હશે ત્યાં શંકા-કુશંકા નિર્મૂળ થશે અને વિશ્વાસનો વિસ્તાર વધતો જશે. તે જ રીતે જ્યાં જ્ઞાન ભક્તિપૂર્વકની સમજદારી હશે ત્યાં કજિયા, કંકાસ, કે તનાવનો અવકાશ નહિ રહે. આમ સમજદારીપૂર્વક તેમજ શ્રદ્ધાપૂર્વક પોતાના પતિને આધીન રહેનારી પત્ની સંસાર તરી જાય છે, એટલું જ નહિ, પોતાના પતિને પણ તારતી જાય છે.**

લગ્ન બાદ જીવનસાથીનો સાથ નિભાવવા પત્ની પિયર ત્યજીને પતિગૃહે (સાસરે) સ્થિર થાય છે. આવા જીવન વળાંકમાં પતિએ માત્ર પત્ની સાથે જ અનુકૂલન સાધવાનું હોય છે. જ્યારે પત્નીએ સાસુ, સસરા, નણંદ, દિયર, આડોશ-પાડોશ તેમજ નવા સગા-સંબંધી-બધાં સાથે અનુકૂલન સાધવાનું હોય છે. આ ઉપરાંત નવા ઘરના વાતાવરણ સાથે, નવી રીતભાત સાથે, નવી વિચારધારા સાથે પણ સુમેળ સાધવાનો હોય છે. શ્રીમોટાની વિચારસરણી મુજબ પત્ની માટે આ નવો જન્મ ગણાય. કારણ કે જૂનું બધું જ સહજ રીતે છોડી નવું બધું જ સ્વીકારવાનું આવે છે. જીવનના આવા સંવેદનશીલ વળાંક સમયે શ્રીમોટા ઉપદેશ આપે છે કે પત્નીએ સાસુ સાથે મા અથવા મોટાંબહેન સમાન સંબંધ સાધવો જોઈએ. પોતાની સગી મા સમાન સાસુ સાથે વર્તવું જોઈએ. **વહુએ જ બધાની સાથે સુમેળ સાધવાનો હોવાથી તેના પક્ષે જ પરિવર્તનની પ્રક્રિયા હાથ ધરવાની રહે છે.**

નવવધૂને શીખ આપતાં શ્રીમોટા સમજાવે છે કે વહુ એ ઘરનું ઢાંકણ છે. ઘરના સંસ્કાર, ઘરની શોભા, ઘરની રીત-ભાત વહુના માધ્યમથી જ પ્રદર્શિત થાય છે. કારણ કે પરિવારમાં કેન્દ્રસ્થાને ક્રિયાશીલ પાત્ર તરીકે તેણે વર્તવાનું હોય છે. માટે જ તેની વિશેષ જવાબદારી છે. આ જવાબદારી નિભાવવા માટે માનસિક કષ્ટ પણ સહન કરવાનું હોય છે. તેથી જ સાસરાને શ્રીમોટા તપોવનની ઉપમા આપે છે. દામ્પત્યજીવનની સફળતા આકાશમાંથી વર્ષાની જેમ વરસતી નથી, પરંતુ તે માટે સજાગપણે સહૃદય સમજપૂર્વક પ્રયત્ન કરવા પડે છે. મનની અને હૃદયની વિશાળતા ધારણ કરી, ચિત્તની નીરવતા નિર્માણ કરી, સમજના તાણા-વાણા ગૂંથી ગૂંથીને, સાસરામાં પોતાનું સ્થાન ઊંચું લાવવાનું હોય છે. **સમજવાની, મનને મનાવવાની, શરીરને સમજાવવાની તેમજ સમજપૂર્વક બધું જ સહન કરવાની આ તમામ ક્રિયાઓ પત્નીએ પોતાના પક્ષે પોતાની જાતને ઘડવા કાજે કરવાની છે. તેથી જ તે એક પ્રકારનું તપ છે. આવું તપ કરનાર સ્ત્રી જ સતીત્વ પ્રાપ્ત કરતી હોય છે. જન્મ આપનાર માતા-પિતાના સંસ્કાર વડે સાસરામાં દીપી ઉઠવાનું હોય છે.** ત્યાગ, સમર્પણ, સહનશીલતા, બલિદાન, સહિષ્ણુતા જેવા ઉત્તમ ગુણો પોતાનામાં વિકસે તે અર્થે સતત જાગૃત રહેવું તેના જેવું તેજસ્વી તપ ક્યું હોઈ શકે ? આવા તપમાં જ ભગવાનનાં દર્શન કરવા એવી માનસિકે ભૂમિકા બાંધવી એ જ પત્નીનો ઉત્તમ શણગાર હોઈ શકે. માટે જ **શ્રીમોટા સકારણ સાસરાને તપોભૂમિ અને ભગવાનની વ્રજભૂમિ સાથે સરખાવે છે.**

('શ્રીમોટા અને શિક્ષણ' પ્ર.આ. પૃ. ૮૧ થી ૮૪)

'હરિઃૐ ગુંજન'ને મળેલ આર્થિક સહયોગ

(૧)	શ્રી મધુસૂદનભાઈ એમ. શાહ - અમદાવાદ	રૂ. ૨,૫૦૦/-
(૨)	સુજ્ઞશ્રી મૃદુલાબેન એમ. મુખી - અમદાવાદ	રૂ. ૧,૦૦૦/-
(૩)	સ્વ. યોગેશભાઈ પી. આસરા - અમદાવાદ હ. લતાબેન	રૂ. ૧,૦૦૦/-
(૪)	સ્વ. પુષ્પાબેન જિતેન્દ્રભાઈ પટેલ - વલ્લભવિદ્યાનગર હ. ચંદનબેન	રૂ. ૧,૦૦૦/-
(૫)	સુજ્ઞશ્રી ચંદનબેન વી. પટેલ - વલ્લભવિદ્યાનગર	રૂ. ૧,૦૦૦/-
(૬)	શ્રી ઈશ્વરભાઈ હીરાભાઈ પટેલ - લવાછા, સુરત	રૂ. ૫૦૧/-
(૭)	અ.સૌ. મંજુલાબેન કનુભાઈ પટેલ - નરોડા, અમદાવાદ	રૂ. ૫૦૧/-

'હરિઃૐ ગુંજન' ઉપરોક્ત સર્વે સ્વજનોને હૃદયપૂર્વક આભારની લાગણી વ્યક્ત કરે છે.

સતત કર્મમાં પરોવાયેલા રહેવું અને મનને એવી રીતે રોકાયેલું રાખવું, એના જેવી જીવનની બીજી કોઈ ઉત્તમ કેળવણી નથી. મનને વારંવાર જીવનના વિષયમાં ખેંચી લાવવાને માટે એને ગળે દોરી બાંધવાની જરૂર રહે છે. જેમ ખીલે બાંધેલું વાછરડું ગમે તેટલું છૂટું ચર્યા કરે તોપણ તે ખીલાથી અળગું હોઈ શકતું નથી, તેમ મનને આપણે ઊર્ધ્વ જીવનનું સતત એકધારું ચિંતવન કરાવવાનું રહે છે.

'મન માર્યા વિના, મન માર્યા વિના
'સ્નેહ' પ્રકટવો એ છે અતિશે દોહ્યલો'

૧૯૫૧થી ૧૯૫૬ સુધીમાં કુંભકોણમ્, નડિયાદ અને સુરત આશ્રમો થઈ ગયા હતા. પૂજ્ય શ્રીમોટા તે પછી વધારે સમય ગુજરાત અને મુંબઈમાં રહેતા. શ્રી નંદુભાઈ કુંભકોણમ્ આશ્રમમાં રહેતા. ૧૯૫૯માં નંદુભાઈને થયું કે 'ના, ના, આ બધું બરાબર નથી થતું. આ બધું મારી ઈચ્છા મુજબ થાય છે. ગુરુની સાથે રહીએ તો બધું એમની ઈચ્છા પ્રમાણે થવું જોઈએ.' એટલે નંદુભાઈએ શ્રીમોટાને લખી જણાવ્યું કે, 'મારે તમારી સાથે રહેવું છે અને તમારી સેવામાં આવવું છે.' શ્રીમોટા કહે, 'તમને આકરું પડશે. ફાવશે નહિ.' નંદુભાઈ કહે, 'બધું ફાવશે. કેમ નહિ ફાવે ?' પછી શ્રીમોટાએ એક શરત મૂકી કે, **'તમારી પત્નીની લેખિત મંજૂરી લાવો. કુંભકોણમ્‌માં તમારાં બા તમારી સાથે છે, તેમની પણ મંજૂરી લાવો. તે લોકો એકલાં રહેવા ખુશી છે કે કેમ ? તે નક્કી કરતા આવો. જો એમ હોય તો ખુશીથી આવજો.'**

એ લોકોએ સંમતિ આપી અને શ્રી નંદુભાઈ, શ્રીમોટા સાથે રહેવા આવી ગયા. શ્રીમોટા એ સમયે સુરત, નડિયાદ આશ્રમમાં રહેતા અને જ્યાં જ્યાં એમનાં સ્વજનો બોલાવે ત્યાં ત્યાં જતા. આમ, મુંબઈ, સુરત, ખંભાત વગેરે સ્થળોએ જવાનું થતું. આથી, શ્રી નંદુભાઈનો પોતાનો સાધનાનો કાર્યક્રમ જળવાતો નહિ. જપ, ધ્યાન કે ત્રાટક કંઈ જ નિયમિત થઈ ના શકે. આમ, ત્રણેક મહિનાની દોડાદોડીથી કંટાળી ગયા ને શ્રીમોટાને કહ્યું, 'મોટા, આ મને નહિ ફાવે.' શ્રીમોટા કહે, 'મેં તમને ક્યાં નોતર્યા હતા ? તમે આવ્યા. હવે જાઓ પાછા.' શ્રી નંદુભાઈ પાછા કુંભકોણમ્ ચાલ્યા ગયા અને સાધના કરવામાં જોતરાયા.

(શ્રીમોટાની મહત્તા, ચોથી આ. પૃ. ૩૦-૩૧)

Wall at your back

આપણે મનથી પર છીએ. આપણી ઈચ્છાશક્તિ એ જ સર્વસ્વ છે એનો અનુભવ આપણે સતત કેળવવો પડશે. તો મન નીચે બેસશે ને એને પણ એમ લાગશે કે 'ના, મારો પણ કોઈ ઉપરી છે ખરો ! હું કંઈ શેઠ નથી પણ હું તો માત્ર વાણોતર છું. ને મારે તો માત્ર કહ્યું જ કરવાનું છે. મનના તરંગો મારે કરવાના નથી.'

મનની સ્થિતિ નિશ્ચયાત્મક, હાલ્યાડોલ્યા વિનાની રહ્યા કરે એ આપણે કરવું જ છે અને કરવાનું છે અને જીવન તે માટે ફના થઈ જતું હોય તો ભલે, એવો દઢ નિશ્ચયાત્મક ખ્યાલ નહિ પણ એવું જીવતુંજાગતું ભાન જાગી જાય તો જ જીવનવિકાસનું કામ થઈ શકવાનું છે. હૃદયપૂર્વકના નિશ્ચયનું કામ ભલેને થોડું કે નજીવું થાય, પરંતુ **'નિશ્ચયના મહેલમાં જ વહાલો વસી રહેલો છે'**, તે પણ નક્કી જાણવું.

નિર્ણયાત્મક અને નિશ્ચયાત્મક મક્કમતાભર્યું દઢ વલણ જ્યાં સુધી જીવનમાં પ્રકટતું નથી ત્યાં સુધી સાધનાના માર્ગમાં પ્રગતિ થઈ શકનાર નથી. ઘડીમાં આમ કે ઘડીમાં તેમ એ જાતની વૃત્તિથી મુક્ત થઈ

શકાયું નથી, તેથી એ વૃત્તિ સાધનાના માર્ગમાં વિકાસને માટે ઘણી બાધક છે. જ્યાં સુધી એનું વેદનાયુક્ત જ્ઞાન પ્રકટતું નથી ને ડંખતું નથી ત્યાં સુધી તે દુર્વૃત્તિ હઠી શકવાની નથી.

પૂજ્ય શ્રીમોટાની કરુણા

(અનુષ્ટુપ)

એકલી શક્તિ તે ના છે, કૃપાનો છંટકાવ છે,
કરુણા સાથે સાથે છે, સદ્‌ગુરુનો સ્વભાવ તે,
એવા એવા અનેકે શા સહજ ગુણધર્મ છે !
તે તે સર્વની જાણે કળા વાપરવાની તે.

('શ્રીસદ્‌ગુરુ', ત્રીજી આ. પૃ. ૬૦)

(અનુષ્ટુપ)

હૈયે આકર્ષી લેવાને અનુભવીની ચાલ છે,
કોઈ ને કોઈ રીતે તે નિમિત્તે તેવું વર્તશે.

('નિમિત્ત', ત્રીજી આ. પૃ. ૩૩)

નિમિત્ત મૂળમાં જેમ પ્રત્યક્ષ પ્રકૃતિ જ છે,
તેથી નિમિત્તોય તાબે તે અનુભવીને જ છે.

('નિમિત્ત', ત્રીજી આ. પૃ. ૨૮)

એક દિવસ મથુરીબહેન ખરેનો નડિયાદથી કાગળ આવ્યો. શ્રીમોટાને કંઈક કોયડાની મુશ્કેલી આવી હશે. મથુરીબહેને લખ્યું કે 'મોટા, લમણે હાથ દઈને બોલ્યા કે મારો નંદુ હોત તો આ બધું સરળ થઈ જાત.' નંદુભાઈને આ વાંચીને ચોટ લાગી ગઈ કે 'આજ સુધી મારી ઇચ્છા મુજબ વર્ત્યો. હવે મારે શ્રીમોટાની ઇચ્છા પ્રમાણે વર્તવું જોઈએ.' આ નિર્ણય શ્રીમોટાને જણાવ્યો એટલે શ્રીમોટાએ લખ્યું, 'હવે જો આવો તો પાકું કરીને આવજો, ભઈલા.' નંદુભાઈએ જવાબ આપ્યો 'અંગ્રેજીમાં એક વાક્ય આવે છે કે 'મારી પાછળ ભીંત છે. એટલે પાછા જવાનો સવાલ જ નથી.' પાછા જવાનો રસ્તો જ નથી, છૂટકો જ નથી, રહેવું જ પડશે. એટલે લશ્કરના સેનાપતિએ હુકમ આપ્યો કે **Wall at your back,** કાં તો ગોળીથી મરી પડો, કાં તો વિજયી થઈ આગળ વધો, એ સૂત્ર સાથે **શ્રી નંદુભાઈ પાછા શ્રીમોટા સાથે હંમેશને માટે તા. ૧૩-૩-૧૯૬૦થી જોડાઈ ગયા.**

કામની બાબતમાં નંદુભાઈ નાનપણથી જ સ્વાવલંબી હતા. પહેલાં તો જ્યારે જ્યારે શ્રીમોટા સાથે રહેવાનું થતું ત્યારે ત્યારે શ્રીમોટાનું કામ કોઈ દિવસ નંદુભાઈએ કરેલું નહિ. શ્રીમોટાનું બધું કામ કાંતાબા જ કરતાં.

શ્રીમોટાની અંગત જરૂરિયાત ઉપર કદી ધ્યાન આપેલું નહિ. એ સમયે નંદુભાઈ પોતાની સાધનાની ધૂનમાં જ રહેતા. વહેલા ઊઠીને સાધના અર્થે રૂમમાં જ રોકાઈ રહેતા.

શ્રીમોટા સાથે જોડાયા ત્યાં કાંતાબા હતાં નહિ. પહેલાંની આદત મુજબ શ્રી નંદુભાઈએ શ્રીમોટાના કામને અગત્યતા આપી નહિ. તેઓ ચાર વાગ્યે ઊઠે અને ઓટલા ઉપર જતા રહે, ધ્યાન વગેરે કરે અને છ - સાત વાગ્યે બહાર આવે. પછી શ્રીમોટાનો રૂમ સાફ કરે. શ્રીમોટાએ બેત્રણ દિવસ આ બધું જોયા કર્યું. પછી એક દિવસ શ્રીમોટા કહે, 'નંદુભાઈ, સેવાનો આ પ્રકાર ના કહેવાય.' નંદુભાઈ કહે, 'કેમ મોટા ?' શ્રીમોટા કહે, **'તમે તમારું કામ પહેલું કરો છો. મારું પછી કરો છો. મારી રૂમ પહેલાં સાફ થવી જોઈએ. તમારું પછી એનું નામ સેવા.'** આ પહેલો પાઠ. પછીથી નંદુભાઈ એ પ્રમાણે કરવા લાગ્યા. પછી ધીમે ધીમે શ્રીમોટા કહે, 'મારા એકલાનાં જ કપડાં નહિ બધાંનાં કપડાં ધોવાનાં છે.' એ સમયે બે મૌનરૂમો હતા. નંદુભાઈને કામનો કંટાળો તો હતો જ નહિ. એટલે શ્રીમોટાના સૂચન મુજબ કામ કરવા લાગ્યા. સવારે ચારથી નવ વાગ્યા સુધી કપડાં અને આશ્રમની સાફસૂફીનું કામ કરવા લાગ્યા. જપ થાય એટલા કરે, ધ્યાન બ્યાન થાય નહિ. આમ, બધું નંદુભાઈને ગમતું થવા

લાગ્યું, પણ બધું ગમતું ન હતું. આશ્રમનો વહીવટ જે રીતે ચાલતો તે એમને ગમતું ન હતું. બે - એક વર્ષમાં વિચારો ઊથલો મારે પણ પેલું **Wall at your back** ભીંત પાછળ છે એવું મનમાં નક્કી કર્યું હતું - લખી લીધું હતું, કબૂલ કર્યું હતું, એટલે ટેકના માર્યા પણ રહેવું પડે.

૧૯૬૨ની સાલ આવી અને હેમંતભાઈને શ્રીમોટાને છોડવાનો વિચાર આવ્યો અને તેઓએ આશ્રમ છોડ્યો. જતાં પહેલાં હેમંતભાઈએ નંદુભાઈને પૂછ્યું, 'તમને બધું ફાવે છે ?' નંદુભાઈએ કહ્યું, 'જુઓ હેમંતભાઈ, ફાવવા ના ફાવવાનો સવાલ નથી. વ્યાવહારિક દૃષ્ટિએ વાત કરું છું. આનાથી બીજું કોઈ સ્થાન સારું મળતું હોય અને મને લાગે કે મારો ત્યાં આગળ ઝડપી વિકાસ થવાનો છે તો આ સ્થળ પકડી રાખવાનો મને મોહ નથી. શ્રીમોટાની સાથે લગાવ પણ છોડવા હું તૈયાર છું. મને મૂળ કશા પ્રત્યે આસક્તિ ન હતી. નાનપણથી જ આ વસ્તુ મારામાં હતી. ગુરુ તરફની ભક્તિ ખરી, પણ આસક્તિ નહિ. મને તો સ્વાર્થ છે કે મારી સાધના જયાંથી વધારે ચાલતી લાગે, વધારે ઝડપથી વિકાસ થાય, ત્યાં જવાને માટે હું ઉત્સુક હતો. એટલે જ મેં શ્રીઅરવિંદ આશ્રમ જવાનો વિચાર કરેલો. એ બધું રહ્યું. મને તો કોઈ એવું સ્થળ દેખાતું નથી કે જે આના કરતાં વધારે સારું, મારા શ્રેય માટે હોય. તમને દેખાતું હોય તો જુદી વાત છે.'

(શ્રીમોટાની મહત્તા, ચોથી આ. પૃ. ૩૧,૩૨,૩૩)

આમ, હેમંતભાઈ ગયા અને અનેક જગ્યાઓએ પરિભ્રમણ કરીને છેક ૧૯૭૬માં પાછા નડિયાદ આશ્રમમાં આવી મૃત્યુપર્યંત રહ્યા.

જ્ઞાનપૂર્વકની આધીનતા - શરણાગતિ

જે કોઈ જ્ઞાનપૂર્વક સંપૂર્ણપણે આધીન થવાનું સ્વીકારે છે, એને અનેક જાતના લાભો થયા વિના રહી શકતા નથી. એના મનની પડેલી ટેવો એના આધીન થવાપણામાં બધી જતી રહેશે. મનના આગ્રહો પણ રહેશે નહિ. પોતાની સમજ, પોતાની ગણતરી, પોતાનું માપ, પોતાનું સુખ, પોતાનો અહંકાર, પોતાની બુદ્ધિ અને પોતાનું મન, એ બધાંએ - આપણું જો સાચી રીતે આધીન થવાપણું રહે તો આપોઆપ ગળી જાય અને આપણે એ સ્થિતિમાંથી પસાર થઈ શકીએ તો આપણને જે આધ્યાત્મિક લાભ થાય, એની ગણના તો સારી દુનિયાની મિલકતથી પણ થઈ શકે એમ નથી.

નંદુભાઈને પછીથી શ્રીમોટાને છોડીને બીજે ક્યાંય જવાનો ફરી કદી વિચાર આવ્યો નહિ. પહેલાં ગુરુ એમને ત્યાં રહેતા અને હવે તેઓ ગુરુના ઘરે રહેવા આવ્યા હતા. એ બેની વચ્ચે પાયાનો ફેર હતો. ગુરુ આપણે ત્યાં રહેતા હોય ત્યારે ગુરુનું વર્તન એક પ્રકારનું હોય અને જયારે આપણે એમના ઘરે જઈએ ત્યારે જુદા પ્રકારનું હોય છે. એનો સ્પષ્ટ અનુભવ નંદુભાઈને થતો રહ્યો. શ્રેષ્ઠ તો ગુરુને ત્યાં રહીએ તે જ છે. ત્યાં આપણું ઘડતર થાય. આપણી નબળાઈઓ વધારે ને વધારે તેમની નજરે ચડે અને તે કેમ દૂરથાય તેનો તે પ્રયાસ કરી શકે. આપણને તે પ્રેરણા આપે.

આમ, છેક ૧૯૪૭માં એક લાંબા પત્રમાં શ્રી નંદુભાઈએ પૂજ્ય શ્રીમોટા પાસે ઇચ્છા વ્યક્ત કરી હતી કે 'આ જીવનમાં મારાથી બીજી કશી સાધના નહિ થઈ શકે ને થઈ શકે તેમ શક્યતા મારી પ્રકૃતિ જોતાં મને લાગતી નથી. તો છેવટે તમારા થનાર આશ્રમમાં એક સેવક તરીકે જો હું રહી શકીશ ને બીજાઓને ઉપયોગમાં અને મદદમાં આવી શકીશ ને મારી જે રીતની પ્રકૃતિ છે તે રીતે તેનો ઉપયોગ જો લઈ શકાશે ને હું ઉપયોગમાં આવી શકીશ તોપણ મારી જાતને ધન્ય માનીશ.' એ પૂર્ણ થઈ.

'જીવન સાર્થકતાની કેડીએ (ઉત્તરાર્ધ)'

પ્ર.આ., પૃ. ૨૭૧ થી ૨૨૭)

૫. સાધનામાં ને વહેવારમાં આશા - શ્રીમોટા

જીવનમાં આશા એ એક બહુ મોટી મહત્ત્વની વસ્તુ છે. સાધનાના માર્ગમાં આશા આપણને તત્ત્વના અનુભવની ભૂમિકા પર પગ મંડાવવાનું કરે છે. જીવનવ્યવહારના ક્ષેત્રમાં અને લાગણીના પ્રદેશમાં આશા આપણને ઉષા કે સંધ્યાના મનોહર રંગોની પેઠે કલ્પનાના તરંગોમાં ચઢાવે છે ને ચગાવે છે; અને મનોરથના તુક્કામાં મનને પરોવીને શેખચલ્લીના મહેલ રચાવે છે; જ્યારે **સાધનાના માર્ગની આશા તો નક્કર છે. લાગણી કે સંસાર પરત્વેની જાગતી આશા એ તો તરંગોની બનેલી કલ્પનાસૃષ્ટિ છે.** એ તો આમ પણ ઝુકાવે ને તેમ પણ ઝુકાવે. એમાં નક્કી દોરેલી કોઈ રેખા નથી હોતી, જ્યારે **સાધનાના માર્ગની આશામાં તો દોરેલી રેખાએ રેખાએ જવાનું હોય છે.** જેમ એક મકાન ચણાવવાનનું હોય તો તેના નકશા પ્રમાણે જ બધું કામ ચાલે તેવી રીતે સાધનાના માર્ગની આશાનું છે. માટે આપણે આશાને સાધનામાર્ગની ભૂમિકામાં તે નક્કર સ્વરૂપ લે તેવી રીતે દોર્યા કરવાની છે. **સાધના એ કલ્પનાનો પ્રદેશ નથી. પરંતુ જીવન ઘડવાને કાજે હૃદયની ભાવનાના નક્કર સ્વરૂપને જે કાજે – એવું સ્વરૂપ આપવાને કાજે – યા ભાવના સઘન અને નક્કર બને તે કાજે કર્મ જેમ છે, તેમ ભાવના વાસ્તવિકપણાના પ્રદેશમાં રમ્યાં કરે તે કાજે સાધના છે;** એટલે જીવનમાં સાધનાનનો માર્ગ એ જ મહત્ત્વનો છે, એમ વારંવાર મનમાં દઢાવી દઢાવીને સાધકે મનની કનેથી કામ લેવાનું રહે છે. આમ આપણે મનને સતત ટકોરવાનું ને સંકોરવાનું છે, સંકેલવાનું પણ છે, ને એ પ્રક્રિયામાં આપણે સતત જાગૃતિ સેવવાની છે; તો જ પ્રભુકૃપાથી ફાવી શકીએ.

('જીવનસોપાન' ત્રી.આ. પૃ. ૬૬-૬૭)

૬. બાલ-વિકાસમાં પ્રેમનું સ્થાન - શ્રીમોટા

કુંભકોણમ્ ૨૪-૯-૫૧

હરિઃૐ

બાળકને નાનપણથી જ માન-અપમાનનો ખ્યાલ હોય છે. તે બાબતમાં તો આપણે જેટલું સમજણથી વર્તીએ તેટલું ઉત્તમ છે. બાળકના જીવનવિકાસનો આધાર માબાપની જીવન વિષેની સમજણના પ્રકાર ઉપર પણ રહેલો છે. જીવનના વિકાસમાં માના હૃદયનો પ્રેમ એ બહુ મોટો ભાગ ભજવે છે. માના હૃદયમાં જે ભાવના છે તેનું સાચું મૂલ્યાંકન તો જીવદશાની ઉપરવટ થવાતાં ખરેખર સમજાય છે. આજે મને પણ લાગે છે કે સાધનાદશામાં મારે મારી માને જે પ્રેમ કરવો ઘટતો હતો તે કરી શક્યો ન હતો. આજે મારી મા શરીરથી જીવતી હોત તો તેના પરત્વેનો મારા હૈયાનો પ્રેમ કેટલાયે ગણો ઉમળકાભર્યો જ્ઞાનભક્તિપૂર્વકનો હોત. એ બધો પ્રેમ આજે હું પ્રભુકૃપાથી 'હરિ (કુંભકોણમ્)' સાથે નિમિત્તભાવે કર્યા કરું છું. તે બાળકની સાથેની મારી ભાવના એ નર્યો મોહ કે પૂરેપૂરો રાગ લાગે એવું તે સ્વરૂપ છે. છતાં તે અંગે આજે હું કોઈની આગળ બચાવ પણ ના કરું. આ લખવાનો મારો હેતુ તો એટલો છે કે તારે તારા બાળકને ખૂબ પ્રેમ કરવો. વળી તે જીવ સ્ત્રીનું શરીર લઈને અવતર્યો છે. એટલે તેને સંસારમાં કેટલીયે વિટમણાઓમાંથી પસાર થવું પડે, તેવી વેળા જીવને પ્રેમનો આધાર એ મોટામાં મોટો ટેકો છે. આજે પણ જીવને એવા પ્રેમની ભૂખ રહે છે અને આ જીવે એવો પ્રેમ કરી જાણ્યો છે અને સામા જીવ પાસેથી એવા હૈયાના પ્રેમનો તેવો યોગ્ય જવાબ વળ્યા કરેલો ન હોવા છતાં પણ.

('જીવનસોપાન' ત્રી.આ. પૃ. ૭૮-૭૯)

૭. ગુરુનું કાર્ય શિષ્યને જગાડવાનું છે - કાર્તિકેય અ. ભટ્ટ

શ્રી જે. કૃષ્ણમૂર્તિએ શિક્ષકનાં કેટલાંક લક્ષણો વર્ણવતાં જણાવ્યું છે કે 'પોતે આંતરિક રીતે સમૃદ્ધ હોવાથી જે પોતાને માટે કશુંય માગતો નથી, જે સમાજના સકંજામાં આવેલો ન હોય, જે સત્તાના રાજકરણની રમત ન રમતો હોય, પોતાની જે અનંત શક્તિ છે, તેની તેણે પોતે પહેચાન કરેલી હોય અને તેથી એ એવું જ્ઞાન આપવા સક્ષમ હોય, જે અન્યને પોતાના પ્રકાશને પામવાના સાધનો શોધવામાં મદદરૂપ થતો હોય વગેરે.

પોતાની પૂર્વાવસ્થામાં શિક્ષક તરીકે રહી ચૂકેલા પૂજ્ય શ્રીમોટાએ શિક્ષકનાં ઉપરનાં લક્ષણો ચરિતાર્થ કરી બતાવ્યાં હતાં અને આથી જ તેઓ તેમના ભક્તોના હૃદયમાં ગુરુ તરીકેનું સ્થાન પામ્યા હતા. આમ, પૂજ્ય શ્રીમોટા શિક્ષક ઉપરાંત ગુરુ પણ હતા.

શિક્ષકના કાર્યની પરિસીમા અને ગુરુની અનિવાર્યતાની વાત કરતાં પૂજ્ય શ્રીમોટા કહે છે, 'વ્યાયામ શિક્ષકનું કાર્યક્ષેત્ર શરીરવિકાસ છે અને શિક્ષકનું કાર્યક્ષેત્ર મનોવિકાસ કે બુદ્ધિવિકાસ છે, પણ જ્યાં શિક્ષકનું કાર્ય સમાપ્ત થાય છે ત્યાંથી સંત કે ગુરુનું કાર્ય શરૂ થાય છે. પદાર્થવિજ્ઞાન જેવા સ્થૂળ કે અર્થશાસ્ત્ર કે ન્યાય કે ફિલસૂફી જેવા સ્થૂળ વિષયોની માહિતી આપવામાં જ શિક્ષકના કાર્યની પરિસીમા આવી જાય છે. બહુ બહુ તો એમ કહી શકાય કે એથી વિદ્યાર્થીની બુદ્ધિ, અવલોકન શક્તિ કે અનુમાન શક્તિનો વિકાસ થાય છે. અલબત્ત, આ બધા ગુણો આધ્યાત્મિક વિકાસ માટે આવશ્યક નથી એમ તો કહેવું નથી જ, પણ એથી જો આધ્યાત્મિક વિકાસ થતો હોય તો તે ઘણો થોડો અને આડકતરો હોય છે.'

'બુદ્ધિ, ચિત્ત, સંસ્કાર, સુપ્તમાનસ, લાગણીઓ, પ્રેરણાઓ, પ્રાણ વગેરેમાં જે જે કુટેવો ગળે ઘંટીના પડ જેવી લટકતી રહ્યા કરીને સાધકનો આત્મીય વિકાસ અટકાવતી હોય તે બધી દૂર કરી અથવા તેને શુદ્ધ કરી આત્મસ્થિતિમાં આવવામાં સાધકના પ્રયાસોને સહાયભૂત થવાનું કામ ગુરુનું છે.' મહેરબાબાને ટાંકીને પૂજ્ય શ્રીમોટા કહે છે, 'He comes not to teach but to awaken.' ગુરુનું કાર્યક્ષેત્રે માનવસ્વભાવનું દિવ્ય રૂપાંતર છે. શીલનો વિકાસ કરવો એ પણ શિક્ષકના કાર્યક્ષેત્રમાં આવી જાય છે એમ ભાગ્યે જ કહી શકાય.'

સત્સંગીઓ દ્વારા જિજ્ઞાસાથી ગુરુ વિશે પૂછાયેલા પ્રશ્નોના ઉત્તર પૂજ્ય શ્રીમોટાએ નીચે પ્રમાણે આપ્યા હતા. જેને આધારે ગુરુ કોને કહેવાય અને તેની કામગીરી શી છે તે જાણી શકાય ?

પ્રશ્ન : ગુરુ એમ ને એમ મળી જાય ખરા ?

ઉતર : 'જિજ્ઞાસા સેવો તો ગુરુ મળી જાય, પણ આ જિજ્ઞાસા સામાન્ય પ્રકારની ન હોવી ઘટે. તે તો ગતિશીલ, કર્મશીલ અને સર્જનશીલ હોવી ઘટે અને ગુરુથી લાભ ક્યારે થાય ? જ્યારે એનામાં હળી, મળી, ભળીને ગળી જાઓ ત્યારે.'

પ્રશ્ન : 'ગુરુ પ્રારબ્ધવશાત્ મળતા હશે કે અકસ્માતે ?'

ઉત્તર : 'કર્મ, પ્રારબ્ધના સંજોગો અને ઈશ્વરની કૃપાથી ગુરુ મળતા હોય છે. એમાં અકસ્માતને સ્થાન નથી. એકવાર ગુરુ કર્યા પછી સાધકનું લક્ષ્ય સિદ્ધ ન થાય ત્યાં સુધી ગુરુ તેને છોડતા નથી.'

પ્રશ્ન : 'ગુરુના સ્થૂળ સંપર્કની આવશ્યકતા ખરી ?'

ઉત્તર : 'ગુરુ સાથે હૃદયનું અનુસંધાને થઈ જતાં સ્થૂળ સંપર્કની આવશ્યકતા રહેતી નથી. જે ગુરુને સ્થૂળ રીતમાં જુએ છે તે સાચો સાધક નથી.'

પ્રશ્ન : 'ગુરુ કરવાની જરૂર ખરી ?'

ઉત્તર : 'ગુરુ તો તમારી અંદર બેઠેલો છે.

વેદાંતની રીતે કહીએ તો ગુરુ શોધવા જવાની જરૂર નથી. ખરી જિજ્ઞાસા જાગી હશે તો બધા ખુલાસા આપોઆપ થઈ જશે. અને રસ્તો દેખાશે. અભ્યાસ કરો, મહાવરો પાડો.'

પ્રશ્ન : 'ગુરુ મુશ્કેલીમાં સૂક્ષ્મપણે મદદ કરી શકે ખરા ?'

ઉત્તર : 'સ્વાતંત્ર્ય લડત વખતે હું જ્યારે જેલવાસમાં હતો ત્યારે જેલમાં ઘણું દળવાનું આપે. અમુક કલાકમાં વજન જેટલું દળી નાખવું જ જોઈએ. નહીં તો વધુ શિક્ષા થાય. વળી ઊભાં ઊભાં દળવાનું. હાથમાં ફોલ્લા પડી જાય અને ઘંટીનો દાંડો પકડાય નહિ, એવી સ્થિતિ થઈ જાય ત્યારે હું મારા ગુરુમહારાજને પ્રાર્થના કરતો કે 'શક્તિ આપો કે જેથી કામ પુરું થઈ શકે.' અને થાય પણ તેમ જ. જોતજોતામાં બધું જ એવા હાથે દળાઈ જાય !'

પ્રશ્ન : 'ઈશ્વરને બદલે ગુરુનું સ્મરણ કરીએ તો ચાલે ?'

ઉત્તર : 'જો સદ્‌ગુરુને પ્રભુના પ્રતિનિધિરૂપે આપણે માન્યા હોય અને તેનામાં પ્રભુના ભાવ દૃઢાવવાનું કરી શક્યા હોઈએ તો પ્રભુને બદલે ગુરુનું સ્મરણ ચાલે. તેટલું જ નહિ પણ તે વધુ સુલભ અને સરળ પણ છે. પ્રભુના સ્થૂળ આવિર્ભાવરૂપે ગુરુને મન-હૃદયે સ્વીકાર્યા હોવા ઘટે.'

પ્રશ્ન : 'ગુરુને બ્રહ્મા, વિષ્ણુ, મહેશ કેમ કહ્યા હશે ?'

ઉત્તર : 'ગુરુ એ શરીર નથી, ભાવના છે. ભગવાન નિરાકાર છે છતાં ભાવના મુજબ સાકાર થાય છે તે જુદી વાત, પણ સાધકને ભાવના વડે ચીટકાડી રાખવા માટે ભાવના કેળવવા માટે ગુરુને બ્રહ્મા, વિષ્ણુ, મહેશ સાથે સરખાવવામાં આવ્યા, પણ સમજવા માટે એટલું ધ્યાનમાં રાખીને કે ગુરુ કહો કે પરમ ભક્ત કહો કે પરમ અનુભવી કહો તે કોઈ પણ ભગવાનની તોલે નહિ આવી શકે. ચેતનનિષ્ઠ દેહધારી એટલે તેને પ્રારબ્ધ ખરું જ, પણ કેવું ? બળેલી દોરડીના વળ જેવું. ભગવાનને પ્રારબ્ધ નથી. નિમિત્ત નથી. દેહધારી પરમવેત્તાને એ ખરું. રૂપક આપી સમજાવી શકાય : સમુદ્રનું લોટામાં ભરેલું પાણી અને સમુદ્ર એ બંને ગુણધર્મોમાં સરખા છતાં વિસ્તારમાં, અનંત શક્તિમાં એક સરખાં નથી. તેવી રીતે ચેતનનિષ્ઠ ગુરુ અને ભગવાન વચ્ચે ફરક છે.

પ્રશ્ન : 'કોઈ સાધક નીચલા થરનો હોય તો સદ્‌ગુરુ શું કરે ?'

ઉત્તર : 'અનેક જાતની મથામણો સાધકના જીવનમાં ઉદ્‌ભવાવીને તેને ઊંચે લાવ્યા વિના સદ્‌ગુરુ રહેતો નથી. સાધકને તેનું સ્પષ્ટ ભાન જાગે એવું કરવામાં તે કશુંયે બાકી રાખતો નથી. તેની ધીરજ અપાર છે. નિમ્ન પ્રકૃતિવાળા ભક્તોના કે જીવોના કિસ્સામાંથી જીવોમાં પેલો સદ્‌ગુરુનો સંકલ્પ વારે વારે અથડાઈને પાછો ફરતો હોય છે. એવી અનેક વારની પ્રક્રિયાને કારણે પેલા ચેતનનિષ્ઠ સાથે પેલા જીવપ્રકારના શરીરવાળા જીવને સંબંધ કાયમ થઈ જતો હોય છે. તેથી પેલા જીવને ભલેને કેટલાય જન્મ થાય, તેમ છતાં પેલો ચેતનનિષ્ઠ દ્વારા પેલાના શરીરના મનાદિમાં પડેલા સંકલ્પ (જુદાં જુદાં હયાત શરીરો દરમિયાન પણ) ઝબકારા મારતો હોય છે અને અંતે તો તેને ચેતનાના પ્રવાહમાં ઘસડી લઈ ગયા વિના તે સંકલ્પ રહેતો નથી.'

પ્રશ્ન : 'સદ્‌ગુરુને તેમનો કોઈ ભક્ત છોડી દે તો સદ્‌ગુરુ પણ એને છોડી દે ?'

ઉત્તર : 'ના, ભૂત વળગે તે તો કાઢી શકાય, પણ જે કોઈ ચેતનામાં પ્રગટેલા છે એવા આત્માઓને ખરેખર વળગેલા હોય અને પ્રકૃતિવશાત્ એવા આત્માથી દૂર રહેતા હોય તો પણ પેલો આત્મા સદ્‌ગુરુ તેને છોડી શકતો નથી.

●

૮. 'મોટા'નો જયજયકાર હો !

- રમેશ મ. ભટ્ટ

શ્રીમોટાએ કઠોર સાધના કરીને માનવદેહરૂપમાં પરમાત્મરૂપને પ્રગટ કર્યું અને પોતાના જન્મને સાર્થક કર્યો છે. એ રીતે તેઓશ્રીએ તો પરમ વિજય અનુભવ્યો છે-પરમ વિજય પામ્યા છે અને તેઓશ્રીએ અનુભવની ભૂમિકાઓ, પ્રક્રિયાઓ અને પદ્ધતિઓના સ્પષ્ટીકરણ દ્વારા માનવમાત્ર માટે પ્રભુમય જીવનનાં બારણાં ખોલી આપ્યાં છે. પરમાત્માનુભવી પુરુષ તરીકે શ્રીમોટાની એ વિશિષ્ટતા છે. માનવમાત્ર જ્યાં છે ત્યાંથી જ ઊભો થઈને પોતાના જીવનને ઉન્નત કરી શકે એવી શક્યતા સિદ્ધ કરી છે.

આવા પુરુષના શરીરના જન્મને એકસો વર્ષ થતાં હોય એનો આનંદ-ઉલ્લાસ સર્વના દિલમાં હોય. પણ પ્રશ્ન થાય છે કે જેમ અનેક મહાપુરુષોની, મહાત્માઓની જન્મશતાબ્દી ઉજવાય એવી ચીલાચાલુ રીતે જ આપણે શ્રીમોટાની જન્મશતાબ્દી ઊજવીશું ? એમની શતાબ્દીની ઉજવણીમાં મૌલિકતા કેવી રીતે આણીશું ? શ્રીમોટાએ અનુભવેલા 'અખંડજીવન'નાં સંદર્ભમાં આપણે શું કરી શકીશું ?

શ્રીમોટાએ વ્યક્તિ, કુટુંબ, સમાજ અને રાષ્ટ્ર માટેનાં આપણાં કર્તવ્યો સ્પષ્ટ કર્યાં છે. એ મુજબ આચરણ કરવાની આપણને એમના જીવન અને ઉપદેશમાંથી પ્રેરણા મળે છે. આ પ્રમાણે આચરવા આપણે નિશ્ચયી બનીએ તોપણ શ્રીમોટાનો વિજય-જન્મશતાબ્દી જયંતી આપણે ઊજવી ગણાય. **'શ્રીમોટાનો જય હો !' બોલવાનો અર્થ જ એ છે કે તેઓશ્રીએ પ્રેરેલું જીવનદર્શન આપણાથી ચરિતાર્થ કરવા પુરુષાર્થ થતો રહે.**

૧. શ્રીમોટા પાતોના દરેક ઉત્સવમાં હંમેશા એક પ્રશ્ન વારંવાર પૂછતા હતા : **'તમારામાં રાગદ્વેષ કેટલા મોળા પડ્યા ?'** એક શિક્ષક પોતાના વિદ્યાર્થીઓને આપેલો સ્વાધ્યાય તપાસતા હોય એવો પ્રશ્ન હતો. આપણા સ્વભાવમાંના કામ, ક્રોધ, લોભ, મોહ, ઈર્ષ્યા, અસૂયા, દ્વેષ-આપણા વ્યવહાર દરમિયાન કેટલાં 'મોળાં' પડ્યાં ? **મતલબ કે, સ્વભાવના પ્રાકૃતિક ગુણોની ખેંચ કેટલા પ્રમાણમાં ઢીલી થાય છે એ તપાસવાનું છે. શ્રીમોટા આપણને આ પ્રશ્ન દ્વારા અંતર્મુખ થવા પ્રેરતા હતા.** એમના સંબંધથી વ્યક્તિના જીવનમાં આમ બને જ એવી ખાતરી હતી-છે. આથી તેઓશ્રીનો આ પ્રશ્ન હતો. આ માટે એમણે બતાવેલાં સાધનોનો પ્રેમજ્ઞાનભક્તિપૂર્વક ઉપયોગ અને સમન્વય કરવો. નામસ્મરણ, પ્રાર્થના, નિવેદન, ભજન વગેરે સાધનો દ્વારા આપણામાંના દિવ્ય જીવનને ઉઠાવ આપીએ. વ્યક્તિ બેઠી થશે તો સમાજ બેઠો થશે, કેમ કે વ્યક્તિ સમાજનું ઘટક છે.

૨. શ્રીમોટાએ કુટુંબનું ખૂબ મહત્ત્વ આંક્યું છે. કુટુંબ વ્યવસ્થા જળવાઈ રહે એ માટે તો તેઓશ્રીએ લગ્નભાવનાને નવું રૂપ આપ્યું છે. તેઓશ્રી વારંવાર કહેતા હતા કે **'કુટુંબમાં કોઈપણ ભોગે શાંતિ જળવાવી જોઈએ.'** તેઓશ્રી અંગ્રજીમાં બોલતા કે **'Peace at home front any cost.'** શ્રીમોટાનું આ વાક્ય ઘણું જ માર્મિક છે. ઘરને એમણે ફ્રન્ટ (=મોરચો) કહ્યો છે. **ઘરમોરચે પ્રકૃતિ સ્વભાવનાં ઘર્ષણો, અથડામણો થવાનાં, એમાંથી ટંટો, ક્લેશ, અશાંતિ નીપજવાનાં. એને ટાળવા માટે, શાંતિ સ્થાપવા ખાતર ભોગ આપવા તત્પર રહેવાનું શ્રીમોટા સૂચવે છે. ઘરસંસાર આ અર્થમાં તપોભૂમિ છે. ઘરમાં શાંતિ રાખવા માટે સંબંધોમાં રહેલો માલિકીભાવ, આગ્રહો અને મંતવ્યો વગેરે જ્ઞાનથી ત્યજવા પડે.** ઘરમાં શાંતિ માટે મતાંતરસહિષ્ણુતા કેળવવી જોઈએ. એટલે આપણા **કુટુંબમાં શાંતિ માટે સમજપૂર્વકનાં ત્યાગ, સહિષ્ણુતા, ક્ષમાવૃત્તિ જેવી ભાવના કેળવાય છે.** શ્રીમોટાએ આ રીતે કુટુંબમાં શાંતિ જાળવવામાં ધર્મ પ્રમાણ્યો છે.

૩. **શ્રીમોટાએ 'સમાજને બેઠો કરવા' માટેની વાત વારંવાર કરી છે. આમાં વ્યક્તિ સમાજનું ઋણ સ્વીકારે અને સમાજના-સમૂહના વિકાસ માટે, ઉત્કર્ષ માટે પોતાની પાસે જે હોય એનો ઉમળકાથી ત્યાગ કરીને, પોતાનું ઋણ ચૂકવે. એ માટે શ્રી મોટાએ પોતાનાં સ્વજનોને સક્રિય કર્યા. આપણે વ્યક્તિ તરીકે સમાજનું અંગ હોવાથી માત્ર સ્વાર્થ સાધવાની વૃત્તિમાં જીવીએ તો સમાજમાં સમતુલા જળવાય નહિ.** આથી સ્વાર્થ સાથે પરમાર્થની વૃત્તિ રાખવાથી સમાજની સમતુલા રહે તો વ્યાપક રીતે વિકાસ, ઉત્કર્ષ અને કલ્યાણ સધાય. શ્રીમોટાની પ્રત્યેક યોજનાઓ પાછળનું આ દેખીતું કારણ જણાય છે.

૪. શ્રીમોટાએ **'દેશ માટીનું ઢેફું નથી'** એમ કહ્યું છે. **આપણું જીવન જેની માટીથી પોષાય છે, જેનાં હવાપાણી આપણા જીવનને સભર કરે છે-રસાદ્ર કરે છે, જેના આકાશ હેઠળ આપણે આપણી ભાવનાઓને વિકસાવીએ છીએ. આપણી સંસ્કૃતિનું વાતાવરણ એ આપણો દેશ છે. આથી દેશ પ્રત્યેનું પણ આપણું ઋણ છે-એવી સભાનતા કેળવવાનું શ્રીમોટાએ સૂચવ્યું છે.** દેશ પરની આસમાની સુલતાની આપત્તિ વેળાએ આપણે આપણા અંગત સ્વાર્થને ત્યજી દેશને ખાતર ત્યાગ કરવા તત્પર રહેવું જોઈએ. શ્રીમોટાએ ચીનના આક્રમણ વખતે સોનું અપાવ્યું હતું. દુષ્કાળ, રેલી જેવી આસમાની-કુદરતી આપત્તિ વેળાએ પોતાના ઉત્સવો રદ કરાવીને મોટી રકમ રાહતકાર્યો માટે વાળી હતી.

આ રીતે વ્યક્તિ, કુટુંબ, સમાજ, દેશ-એમ સમગ્ર માનવજાત પ્રત્યે આપણી જાતને જોડીને 'ભૂતમાત્રમાં આત્મરૂપ અનુભવવાનો પ્રયોગ દર્શાવ્યો છે.

આપણા જીવનના આ પ્રકારના અભિગમ દ્વારા શ્રીમોટાની ભાવનાઓનો જય સિદ્ધ થશે. હું કંઈ શ્રીમોટાનો ભક્ત નથી, પરંતુ તેઓશ્રીનો ચાહક છું. હું આ પ્રમાણે આચરણ કરું છું એવું પણ નથી. આમ છતાં, આ દિશામાં ગતિ કરવી એવો નિશ્ચય અવશ્ય છે અને તેનો પ્રયત્ન પણ છે.

મારી આછી પાતળી સમજ પ્રમાણે **શ્રીમોટા તો કાલાતીત અનુભવી પુરુષ છે.** એમને માટે વર્ષોનું માપ કેવું ? જે નિરંતર છે, જે અખંડાકાર છે-એમને વર્ષોની મર્યાદા નથી. છતાં આપણે એમના ચાહકોએ સો વર્ષ ઊજવીને એમના પ્રત્યેની આપણી ભાવનાને સામૂહિક રીતે પ્રગટ કરીને આપણી જીવનપ્રત્યેની જવાબદારીને વધારે દૃઢ કરવી જોઈએ.

આપણે સૌ આપણા જીવનવ્યવહારો દ્વારા શ્રીમોટાનો જયજયકાર સિદ્ધ કરીએ.

("મોટા' તો કોઈ ઑર છે !' પ્ર.આ., પૃ. ૭૫ થી ૭૯)

ગયેલા આત્માને...

૧. સુજ્ઞશ્રી ચંદનબેન પટેલના મોટાબહેન સ્વ. પુષ્પાબેન જીતેન્દ્રભાઈ પટેલ વલ્લવવિદ્યાનગર નિવાસીનું તા. ૨૩-૮-૨૦૨૨ના રોજ દેહાવસાન થયેલ છે.

૨. સુજ્ઞશ્રી બેલાબેન ત્રિવેદી (સુપ્રિમ કોર્ટ જજ) અમદાવાદ નિવાસીના પિતાશ્રી માધુર્યપ્રસાદ ત્રિવેદીનું તા. ૨-૯-૨૦૨૨ના રોજ દેહાવસાન થયેલ છે.

૩. અમદાવાદ નિવાસી મુકેશભાઈ કાંતિલાલ પટેલનું તા. ૩-૯-૨૦૨૨ના રોજ દેહાવસાન થયેલ છે.

૪. અમદાવાદ નિવાસી હરિન્દ્રભાઈ એમ. શાસ્ત્રીનું તા. ૧૪-૯-૨૦૨૨ના રોજ કેનેડા ખાતે દેહાવસાન થયેલ છે.

૫. હર્ષાબેન વંદનભાઈ ગાંધી (વાડીલાલ આઈસક્રીમ)ના જેઠાણી હીનાબેન અનુપમભાઈ ગાંધીનું તા. ૧૭-૯-૨૦૨૨ના રોજ અમદાવાદ ખાતે દેહાવસાન થયેલ છે.

૬. અમદાવાદ નિવાસી કિરીટભાઈ (કિરીટમામા) એન. દેસાઈનું તા. ૨૭-૯-૨૦૨૨ના રોજ દેહાવસાન થયેલ છે.

શ્રીહરિ મોટા સર્વે ગતાત્માને શાંતિ અને કલ્યાણ અર્પે તેવી આપણા સૌની હૃદયપૂર્વકની પ્રાર્થના.

૯. વચનપાલન-આવા ભાવે થવું ઘટે - શ્રીમોટા

એમ પણ સંભવ છે કે જીવનું જે સમયે જેવું મનનું વલણ હોય તેમ તે બોલતો હોય, ને તે સમય પૂરતું એના મનનું જે વલણ, તેને સાનુકૂળ તેનું બોલવાપણું હોય, ને તે કાળ પૂરતું તે યથાર્થતાવાળું પણ હોય. એટલે તે ખોટું બોલતો હોય એવું ન પણ હોય, પરંતુ જીવનવિકાસના આદર્શથી જો જીવનને વિતાવવાનું હોય, તો જેવા પ્રકારના વહેવારવર્તનથી તે માર્ગમાં ચાલી શકે તેમ નથી. પોતે જે જે બોલ્યાં હોઈએ, તેને મૃત્યુને સ્વીકારીને પણ, યોગ્ય આચરણમાં પ્રકટાવીને, પૂરું પાલન કરવાની આપણામાં ધગશ પ્રકટેલી હોવી જોઈએ. વળી, એવું વચનપાલન કરવામાં ને આચરણ કરવામાં આપણા કોઈ પણ કરણની દશા અક્કડ ને અક્કડ, તંગ ને તંગ ન બન્યા કરેલી હોવી ઘટે. ઊલટું તે વચનને આકાર અપાવવાના સમયમાં પોતે પોતાનું દેવું ચૂકવ્યા કરે છે, એવું જ્ઞાનભાન પ્રકટતું જો પ્રત્યક્ષ જીવતું રહે, તો તો આપણે ઘણાં ઘણાં હળવાં બનેલાં લાગી જતાં હોઈશું. તે પળે તેમ થતું ન અનુભવાય, તેમ થયા કરતી વેળાએ જો ક્યાંક પણ કશો ભાર લાગ્યો કે અશાંતિ થાય કે કચવાટ ઊભો થાય, કંઈક અણગમો થતો લાગે, કંઈક અકળામણ થતી અનુભવાય, કંઈક અજંપો કે અઠીકપણું લાગે તો જાણવું કે વચનના પાલનમાં હૃદયની ભાવનાની પ્રાણચેતના તેની યથાર્થતામાં મુદ્દલે પ્રકટેલી નથી.

કર્મમાંથી તો નિર્ભેળ આનંદ મળે

આમ, ગમે તેવું કષ્ટ વેઠીને લાખો મણ કર્મ કર્યા કરીએ, પણ જે કર્મમાં હૃદયનો ઉમળકાભર્યો આનંદ ન પ્રકટે, ન સ્ફુર્યા કરે, તો તેવાં કરોડો ખાંડી કર્મથી જીવન કદી ઘડાઈ શકાતું નથી. **કર્મમાત્ર તો જીવનના ઘડતર કાજે છે.** એટલે આપણે વિચારવું ઘટે કે આપણને જે તે કર્મ કરતાં કરતાં તેમાં જીવન કાજેનું, તેના હેતુ કાજેનું, યોગ્ય જ્ઞાનભાન જીવતું રહે છે કે નહિ ? જો જીવતું રહેતું હોય, તો તે કર્મમાં આનંદ, ભાવના પ્રકટ્યા કરે છે કે કેમ તે આપણે સમજવું પડશે.

બેળે બેળે કર્મ કરતાં તો જીવદશા વધારે નક્કર બને

માત્ર ઘરેડની રીતે, એક ઘટમાળની રીતે, સવારથી ઊઠ્યા તે સાંજ સુધી એક ચાલુ કાર્યની હારમાળા જાણે પાર ઉતાર્યા કરતાં હોઈએ તેવી રીતે, કર્મ કર્યા કરવામાં સાર નથી. કર્મ કરતાં કરતાં બળાપો, બેળેબેળેપણું લાગવાનું અનુભવવું, ત્રાસ અનુભવાય, અશાંતિ લાગે, અજંપો, ક્લેશ, સંતાપ, અકળામણ, મૂંઝવણ વગેરે વગેરે બધું લાગે તો તેવી રીતે થતાં જતાં કર્મ તો સાવ મિથ્યા છે, ને ઊલટું જીવને જીવની દશામાં તેવી રીતે થતાં જતાં કર્મ વધારે મકક્મપણે જકડનારાં નીવડે છે તે નક્કી સમજજે.

આપણાં કર્મો 'ઊલટાં બંધનકારક' હોવાનું કારણ

આપણે કર્મમાત્ર જે કર્યા કરીએ છીએ, તેવું કર્મ તો જીવકક્ષાને ઊલટું વધારે દૃઢીભૂત કરનારું બનતું જાય હોય છે. આપણે જે જે કંઈ કરીએ છીએ, તે આઘાતપ્રત્યાઘાતથી પ્રેરાઈને કરતાં હોઈએ છીએ અને **આઘાતપ્રત્યાઘાતની ભૂમિકા એટલે તો કોઈ ને કોઈ પ્રકારની ક્ષુબ્ધતાની દશા અને એવી દશા તો જીવને વધારે બાંધનારી હોય છે.** આ હકીકત સમજાય તેવી છે. રાગદ્વેષાદિ દ્વંદ્વોથી મુક્ત પમાયેલી દશાથી જે કર્મ બને તે સાચી રીતે તો કર્મ ગણી શકાય. જે કર્મ જીવનવિકાસના હેતુના જ્ઞાનથી ને તેવી ભાવનાથી આચરાય છે, તેવાં કર્મ પોતે જ યજ્ઞનારાયણ સ્વરૂપે પ્રકટીને તેવાં કર્મ શક્તિપ્રેરક જીવનમાં બની શકે છે. એવાં શક્તિપ્રેરક કર્મ તે જ સાચી રીતે જીવનને પલટાવનારાં બની શકે છે. તેવાં પ્રકારનાં કર્મ એ માત્ર સ્થૂળ કર્મ નથી હોતાં, પણ જીવનમાં શક્તિને પ્રકટાવનારાં સંગીન આધારરૂપે બની જતાં હોય છે ને અંતે તો એવાં કર્મ એ જ શક્તિ છે.

ભોગવવાની ઈચ્છા પણ બંધનકારક

વળી, તેવી જ રીતે કર્મનાં પરિણામોને જે જીવની ભોગવવાની વૃત્તિ રહ્યા કરે, કર્મ કરતાં કરતાં તે ભોગવવામાં જ, જે જીવનાં દૃષ્ટિ, વૃત્તિ, વલણ રહ્યા કરે છે, કર્મને માત્ર ભોગવવાપણાની જેને લાલસા ને મઝા રહે છે, તેવા જીવને તે તે કર્મ તે તે રીતે બંધનકારક છે.

યોગ્ય કર્મનાં માપ

કર્મ ગમે તેટલાં ઉત્તમ પ્રકારનાં હોય, તેમ છતાં કર્મમાં કર્મના પ્રકારનું માત્ર જડ ભાન હોવું, તે જીવનવિકાસ કાજે અયોગ્ય છે. **કર્મમાં કર્મના ક્ષેત્રનું જ્ઞાનભાન હોવા કરતાં કર્મ કરવાપણાનો મૂળ આશય ને તે આચરતી પળે જ્ઞાનયુક્ત ભાવના પ્રકટેલાં રહેવાં ઘટે. તથા શાંતિ, સમતા, પ્રસન્તા, ધીરજ, વિવેક આદિ તે તે કર્મ આચરવાની પળે આપણામાં પ્રકટેલાં હોય ને સમજણપૂર્વકનાં તે કર્મ થતા હોય, તો તેવાં કર્મ જીવવિકાસ કાજે તો ખાસ જરૂરનાં છે.** જીવનનો કોઈ પણ જે સાચો અભ્યાસી છે, જીવનનો યોગ્ય જાણકાર છે. તે ઉપલી હકીકતની ના નહિ જ પાડી શકે.

જડસુ રીતનાં કર્મથી લાભ નથી

બાકી, જીવપ્રકારની વૃત્તિથી થતાં કર્મ તો જીવનને ઊલટાં વધારે કચડે છે, તે નક્કી જાણવું. એ રીતે તો કર્મને આપણે કદી પણ ન કરવાં. આપણે જીવનને તે ઉકેલવાનું છે કે જીવનને વધારે ને વધારે જટિલ, વક્ર, ગૂંચવાયેલું, મૂંઝવણવાળું ને એવું એવું બનાવવુ છે ? અરે ! સાધનાની વાત જ બાળોને ! પણ જો જેને જીવનમાં એકમાત્ર શાંતિ જ અનુભવવી હોય તો તેવા પ્રકારના જીવને પણ કર્મને માત્ર જડસુ રીતે કરવાથી કશો જ લાભ નથી. ઊલટું તેથી તો જીવનને વધારે ઊંધી રીતે ફગાવવાનું બનતું હોય છે.

('જીવનપોકાર' છઠ્ઠી આ., પૃ. ૨૫૦ થી ૨૫૩)

૧૦. અથાગ પરિશ્રમ - શ્રીમોટા

શ્રીસદ્‌ગુરુ

(અનુષ્ટુપ)

સદ્‌ગુરુ રીઝવ્યા જેણે પ્રેરી સંતોષ તેમને,
જીવન ભક્તિ નિષ્ઠાથી સેવા તે એકધારી જે,
શ્રીસદ્‌ગુરુ થતાં રાજી બેડો શો પાર થાય છે !
મારો બેટો થતો કેમે ના એકદમ રાજી તે,
નીકળી દમ શો જાય સંતોષાતો ન તોય જે !

સદ્‌ગુરુની પરત્વેનો એકાગ્ર ભાવ કેંદ્રિત
-થતાં સંપૂર્ણ ભક્તિથી એને સંતોષ શો દિલ !
ત્યારે શ્રેયાર્થીનું કામ શું પરિપક્વ થાય છે !
ફળાવે સદ્‌ગુરુ કર્મ ત્યારે જીવનનું પદે,
ખરેખરું થતું ત્યારે જીવ્યું સાફલ્ય સૌ ખરે,

સંતોષ આપવો પૂરો સદ્‌ગુરુને હૃદે ખરો,
'જેવા તેવાનું તે કામ નથી', નિશ્ચય જાણજો.
હૈયામાં સ્વાર્થ લાગેલો કેટલો તીવ્ર તે વિશે,
વર્તન પરથી જે તે પરખાઈ ખરું જશે.

('શ્રીસદ્‌ગુરુ', ત્રીજી આ. પૃ. ૧૬૨-૧૬૩)

ચેતનમાં નિષ્ઠા પામેલા એવા આત્માના જીવનમાં કોઈ રીતે ઉપયોગી થઈ ગયા, તો અનેક પ્રકારની સહાય મળવાની છે. જીવનમાં ગમે તે રીતે ઉન્નતિ થવાની. સંસારમાં જીવન જીવતાં, અનેક પ્રકારનાં કોયડા, મુશ્કેલીઓ આવે ત્યારે વીજળીના ચમકારાની જેમ ઉકેલ મળે છે.

જેણે ભગવાનને મેળવેલો છે, મેળવવા એટલે જોયેલું કે દર્શન થયેલું નહિ, પણ જેનામાં ચેતનના ગુણધર્મ પ્રગટેલા છે, એવા આત્મા સાથે આપણો પરિચય થાય અને આપણે એને વહાલા થઈ પડીએ, તો તે આપણને મદદરૂપ થાય.

('મૌનમંદિરનો મર્મ', બીજી આ. પૃ. ૭૬)

('જીવન સાર્થકતાની કેડીએ (ઉત્તરાર્ધ)' પ્ર.આ., પૃ. ૨૯૫-૨૯૬)

૧૧. વૃત્તિઓ - શ્રીમોટા

વૃત્તિ એટલે ગતિ. જો આપણને સાચી વૃત્તિ,- ગમે તે પ્રકારની તે હો-જાગી હશે તો તે ગતિ કરાવશે જ. એવી ગતિ જાગે તો સમજવું કે વૃત્તિ જાગી છે. બાકી તો માત્ર સામાન્ય લહરી-વૃત્તિની લહરી-આવીને પસાર થઈ ગઈ એમ પ્રમાણવું.

પ્રભુએ આપણને અનેક વિધ વિધ પ્રકારની વૃત્તિઓ બક્ષી છે. તે બધીયનો દિવ્ય હેતુ છે. વૃત્તિની પાછળનો જ્ઞાનપૂર્વકનો હેતુ માનવી જો પ્રીછી શકે તો કુદરતની એ તો એક મોટી ભેટ છે, એવું એને જ્ઞાન થાય.

આપણી વૃત્તિઓને, આપણે કેન્દ્રિત કરવાની રહે છે. જો તે વેરવિખેરપણે વહેંચાયેલી દશામાં પ્રવર્તશે તો તેનું બળ ઘટી જશે. તે પોતે જ આપણને મદદરૂપ બને તેમ અંતે તેમનું નિયમન થઈ જવું રહે છે. આપણે તેના નચાવ્યા નાચવાનું મૂકી દેવું પડશે.

આપણી સર્વ વૃત્તિઓનો જીવનમાં સમન્વય કરવો પડશે. ભલેને એ બધી વૃત્તિઓ આમથી તેમ સ્વચ્છંદપણે પ્રવર્તતી હોય તોપણ જો એકાદ કોઈ એવી ભાવનામાં ખૂબ દૃઢપણે ને તેના ઉત્કટપણામાં જામી ગયેલા થતા જઈશું, તો આપોઆપ બીજી વૃત્તિઓનું જોશ નરમ પડી જવાનું છે. **જ્યારે આપણે અત્યંત ક્રોધે ભરાયેલા હોઈએ છીએ ત્યારે બીજી વૃત્તિઓ શાંત થઈ ગઈ હોય છે ને ક્રોધની વૃત્તિ જ મોખરે તરવરીને આપણો કબજો લઈ લેતી હોય છે; અથવા તો કોઈ ભારે ગૂંચ વાળા કોકડામાં તેને ઉકેલવાને માટે ખૂબ એકાગ્ર થયેલા હોઈએ છીએ ત્યારે પણ એક જ વૃત્તિ મોખરે રહે છે.** એટલે જો આપણે બીજી વૃત્તિઓને મોળી કરવી હશે, તેમનું સ્વચ્છંદીપણું મિટાવવું હશે તો સાધકે તેના ધ્યેયની ભાવનામાં ખૂબ ઉત્કટભાવે વળગ્યાં રહેવું જોઈશે. તે વિના ધ્યેયની પ્રાપ્તિ થવી શક્ય નથી.

વૃત્તિનો ઉપયોગ

(અનુષ્ટુપ)

વૃત્તિથી આવરાતો જે વૃત્તિથી કેમ ઊગરે ?
એવાને તો વિના વૃત્તિ બીજું તે કેમ સૂઝશે ?

વૃત્તિ કેરા વળાંકોમાં કેવી શી લહરી ઊઠે ?
પોતે ત્યાં મહાલતો કેવું એનાથી પરખાય તે.

ઊઠતી સર્વ વૃત્તિઓ 'પોતે કેવા' જણાવશે,
તેથી જે વૃત્તિને પૂરી બેસે સાચવી, તે જીવે.

વૃત્તિથી જે લહેરાય, તે સંકોચાય વૃત્તિથી,
વૃત્તિને શક્તિ માની જે કામ લે, જીવતો નકી.

બને વૃત્તિ તણો દાસ વૃત્તિમાં જે તણાય તે,
બુડાડે વૃત્તિ એને તો ઊંચે તે આવવા ન દે.

વૃત્તિથી હીર ખોવાય, જીવન-નૂર વૃત્તિ શું !
વૃત્તિથી સૌ કમાવાય, સાચું હો હીર આપણું.

વૃત્તિ સાંભળજો* તેથી ચગી ના વૃત્તિથી જશો,
વૃત્તિને કામમાં લેજો લાભ મેળવશો પૂરો.

(મંદાક્રાંતા)

વૃત્તિઓ તો કંઈક ઊઠતી ભોરમાં ઝાકળે શું !
એનાં બિંદુ પ્રથમ કિરણે લુપ્ત થાતાં દીસે સૌ.

વૃત્તિઓ જે મન મહીં થતી તે કરી સૌ નિહાળ્યા,
-ક્યાં ક્યાં એનું અવળુંસવળું પારખી લેવું ત્યાં ત્યાં;
જ્યાં જ્યાં એની અવળી ગતિ ત્યાં ના જવું એની પૂંઠે,
એવી રીતે રહી નીખરતાં, કામ લો એની સાથે.

મિનારાઓ લાખો જગજન ચણે વૃત્તિઓ લૂલીથી તે;
સમો આવે ત્યારે કડડભૂસ થૈ તે મિનારા પડે છે.

---

* સંભાળજો

('જીવનપરાગ' પાંચમી આ. પૃ. ૪૫૨ થી ૪૫૪)

૧૨. સમર્પણ

- શ્રીમોટા

સાધનામાર્ગમાં સમર્પણ એક ઉત્તમ પ્રકારનું સરળ, સહજ સાધન છે. પ્રત્યેક કર્મ, વિચાર, વૃત્તિ, લાગણી, ભાવના, ભાવ, પ્રાણનો આવેશ, આવેગ, કામના, આશા-તૃષ્ણા, લોલુપતા, અહમ્ ને બુદ્ધિના જડ આગ્રહો, મનના ગમા-અણગમાઓ ને સમજણો આદિ સાધકે સકળ કંઈ જાગૃતિ રાખી રાખીને શ્રીભગવાનને ચરણે પ્રેમભક્તિપૂર્વક સમર્પણ કર્યા કરવાનાં છે. આવું સમર્પણ કંઈ એકદમ થઈ જઈ શકતું હોતું નથી. એ તો ધીમે ધીમે ક્રમશઃ થયાં જવાનું, - અલબત્ત સાધક તે અંગેની જાગ્રત તકેદારી રાખે તો, શરૂમાં તો પોતે જ સમર્પણનો અભ્યાસ કેળવવાનો રહે છે.

સમર્પણની ભાવનાનો સ્થૂળ અર્થ આપણે છોડવો ઘટે. **સમર્પણની ભાવનાનો વિસ્તૃત અર્થ તો એ છે કે જે તે કંઈ બધું ભગવાનનું જ છે. તે તે બધું એની રીતે, એની ભાવનાવાળા જીવનમાં, અને એવા જીવનને વધુ ને વધુ દિવ્ય જીવનમાં પ્રકટાવવાને માટે, ને તે બધાંનો જ્ઞાનભક્તિપૂર્વકનો ઉપયોગ તેવી તેવી ભાવના, દૃષ્ટિ ને વર્તનથી થયા જાય અને પાછું તે પણ એને જ બધું સોંપાયા કરાય એનું નામ સમર્પણ.** સ્થૂળ (ધન વગેરે) બધું આપી દીધા પછી પણ આપણાથી, સમર્પણભાવે વર્તન ન બન્યાં કરતું હોય તો એવું સ્થૂળ આપેલું અર્થ વિનાનું ગણાય. માત્ર સ્થૂળ સમર્પણનો કશો અર્થ ન હોય. **સ્થૂળનું સમર્પણ સૂક્ષ્મ પ્રકટાવવા કાજે છે. તેમ જ ઘરેડથી પણ કશું સમર્પણ ન થવું ઘટે. સમર્પણની પાછળનો ભાવ, હેતુ જીવતો રહેવો ઘટે.**

આવા થતાં રહેલાં કર્મ પણ, અધૂરાં હોવા છતાં, અયોગ્ય હોવા છતાં, ભક્તિપૂર્વક, પ્રભુને તે તે બધું, સારું ને નરસું સમર્પ્યા કરશો. આવો લાંબા ગાળાનો સદ્ભાવથી સેવેલો સજ્ઞાન અભ્યાસ જેમ જેમ વધતો જશે તેમ તેમ અહંભાવ ઓગળતો જવાનો છે.

સ્થૂળના અર્પણ કરતાં સૂક્ષ્મનું અર્પણ થવું ઘણું ઘણું કઠણ છે. ભલે સ્થૂળ અને સૂક્ષ્મનું બન્નેનું સમર્પણ પ્રભુને કરશો, પણ સાચું ને વધુ ઉપયોગી ને આવશ્યક સમર્પણ તો મનાદિકરણોના પ્રાકૃતિક ધર્મોનું છે. **મનના સંકલ્પવિકલ્પનું, પ્રાણના પ્રાકૃતિક ધર્મો :- આશા, ઈચ્છા, તૃષ્ણા, લોલુપતા, કામ, મદ, મોહ, આદિનું, બુદ્ધિની દલીલ અને તર્કવિતર્કનું, અહમ્‌ના હુંપણાનું ને ચિત્તના સંસ્કારના પ્રકારનું**- આવું બધું જે જ્ઞાનભક્તિયુક્ત સમર્પણ બને છે તે પ્રકારના સમર્પણથી જીવનનો સાચો ને સંગીન વિકાસ થતો આવે છે.

સમર્પણ

(અનુષ્ટુપ)

જેને સમર્પતાં પ્રેમ આઠે કોઠે દીવા હૃદે,
ભાવ, આનંદ, એવાનું તે સમર્પવું યોગ્ય છે.

બેળે બેળે સમર્પેલું સમર્પેલું ગણાય ના,
એવા સમર્પણામાંથી ફળે જીવન ના કદા.

કર્મયે કરવાનાં છે પ્રભુના ભાવ કાજ સૌ,
બીજો ખ્યાલ રખેને ત્યાં ના પેસી કો ઘટે જવો.

એવાં કર્મો કશાં બીજાં જે જે કૈં કરતા જે હો,
એને કાજે કરીને સૌ સમર્પ્યાં તે બધું કરો.

બુદ્ધિથી માત્ર કે'વું તે, કે તેવું મન બોલવું,
-કામ ના આપશે યોગ્ય, એવું અર્પેલું આપણું;

જેના સમર્પણે પૂરી ભાવના ઉરની ઊંડી
-તદાકારપણે છે ત્યાં અર્પેલું યોગ્ય તે ચહી.

સમર્પ્યાની કસોટી કે આપ્યાં કેડે કશું હૃદે,
આગલા પાછલા એના વિચારો જન્મશે ન કૈં.

(શાર્દૂલવિક્રીડિત)

સાચું એક જ તે સમર્પણ થયું, જેના વડે જીવને,
શક્તિ ઉદ્‌ભવતી અનુભવી શકો, એ માપ એનું હ્રદે;
જેણે જીવનસાધના પથ વિષે છે ઝંપલાવ્યું ખરે,
એનાં આવરણો થતાં અલગ રે', જાગે અનુભૂતિ એ.

જે જે સર્વ કર્યા કરે સઘળું તે પોતાની કાજે કરે,
પોતાનો જ વિકાસ-ભાવ ધરીને એ કર્મ જે તે કરે;
તે જે જે કરતો રહે પ્રભુ-પદે ભાવ ધર્યા શો કરે !
એવા યજ્ઞ-સમર્પણે રસ થતાં, તે જીવવું સત્ય છે.

સમર્પણયજ્ઞ, જાણેઅજાણે પણ

સમર્પણયજ્ઞ આ જગતમાં જાણેઅજાણે સતત ચાલી જ રહેલો છે. એક પળ પણ તે અટકતો નથી. એકબીજાનું ઘસાયા વિના આ સંસારમાં નભી શકાતું નથી. પ્રત્યેક માનવીનું જીવન યજ્ઞરૂપે ચાલી રહેલું છે; માત્ર તે તે જીવને એનું જીવતું જાગતું જ્ઞાનભાન હોતું નથી. પરાણે પણ ત્યાગ કુદરત દરેક પાસે કરાવી જ રહેલી છે. પ્રત્યેક માનવી એકબીજા સાથે જકડાયેલ, સંકળાયેલ હોવાથી કોઈ પણ કોઈનાથી ભિન્ન નથી; પરંતુ આ બધું થતું હોય છે અજ્ઞાન, અંધકાર દશામાં. આપણે તો સારું કે નરસું જે કંઈ થાય તેની પાછળ જીવનવિકાસની ભાવના પ્રેરાવવાની છે. સમર્પણયજ્ઞમાંથી ઉત્કટ મંથન જાગે તે વાત સાચી, પરંતુ ડહોળામણ ન જાગે. ડહોળામણ જાગે છે તે તો અજ્ઞાનભરી સ્થિતિમાંથી. હેતુપૂર્વકનો સમર્પણયજ્ઞ આપણાં અદંરનાં કરણોને તેમના પ્રકૃતિધર્મમાંથી મુક્તિ અપાવે છે, જ્યારે જીવપ્રકારનું ઘસાવું કે આપવું આપણને વધારે જકડાવે છે.

સમર્પણ થયાં જવાનો જો માનવીનો પ્રાકૃતિક સ્વભાવ જ છે ને વિશ્વજીવનનું તે એક અંગ છે, તો પછી આપણે આપણા સંસારયજ્ઞમાં જે હોમાવાનું આવે છે, તેમાં જ્ઞાનભક્તિપૂર્વકનાં તટસ્થતા, સમતા, ધીરજ, શાંતિ, સહનશીલતા, હાર્દિક ઉદારતા, અપાર પ્રેમભાવ ને ત્યાગ-સમર્પણની ભાવના જો કેળવ્યાં કરીશું તો તેવી તપશ્ચર્યાના ભાવે જ્ઞાનપૂર્વકનું જે આપણું હોમાવાનું બનશે એનાથી કરી જીવન ઉન્નત થયાં જવાનું છે તે નક્કી જાણશો.

('જીવનપરાગ' પાંચમી આ. પૃ. ૪૬૭ થી ૪૭૦)

૧૩. જીવન-સાથી પ્રત્યેનો ધર્મ - શ્રીમોટા

(અનુષ્ટુપ)

યોગ-માર્ગે જવું જો હો એનાથી અન્ય રીતમાં,
-તમને કો જવા પ્રેરે, 'ના' કહો દૃઢતાથી ત્યાં,

દુભાતાં દિલ બીજાંનું એનું કૈં કરવા જતાં,
પ્રેમ ઊંડો હ્રદે ધારી એવાંને સમજાવવાં.

સાથીનો સાથ લેવાને સાથ દેવાં કહ્યાં કરી,
આપણે તો રહેવાનું સ્વ-માર્ગે દૃઢતા ધરી.

એકની એક વાતે તે ઝાઝું ત્યાં નહિ ચૂંથવું,
-સ્પષ્ટ કે'વાનું જે હોયે તે કહી શાંત ત્યાં થવું.

બીજું તો માગતું રે'શે એની રીતે ચલાવવા,
આપણે ડગવું ના ત્યાં રે'વું મક્કમ ત્યાં સદા.

જેને જે જોઈતું હોય લેવા દ્યો તેમને બધું,
નિઃસ્પૃહી આપણે રે'વું ભાગ આવેલ તે કરી.

સંડોવાઈ જવાનું ના કશામાં થાય આપણું,
એ રીતે વર્તવાનું છે સ્વસ્થ શાંતપણે પૂરું.

પરિણામ તણી ચિંતા રાખી કર્મ ન કૈં કરો,
આવેલ કર્મના ભાવે વર્તી નિશ્ચિતતા ધરો.

આપણું કરવામાં સર્વસ્વ પ્રાણ આપણા,
-રાખીશું જો પૂરેપૂરા, યોગ્ય તો જીવવું બને.

ખોડખાંપણ બીજાંની આપણે કાઢવી નહિ,
જે જે કૈં આપણું વાંકું સુધાર્યા કરવું મથી.

લેવાનું સૌ બીજામાંથી સારું તે ટેવ પાડવી,
એવો અભ્યાસ ખંતેથી કરી શુદ્ધિ વધારવી.

('જીવનપરાગ' પાંચમી આ. પૃ. ૪૯૬-૪૯૭)

જેથી પ્રભો ! નિર્મળ ચિત્ત થાય, વિક્ષેપ જેથી સહુ દૂર થાય
એવા પથે આગળ ચાલવાની દેજો મને નાથ ! અખૂટ શક્તિ. ૯૯

[હે] પ્રભો ! જેથી ચિત્ત નિર્મળ થાય, જેથી સહુ વિક્ષેપ દૂર થાય એવા પથે આગળ ચાલવાની હે નાથ ! મને અખૂટ શક્તિ દેજો.

જો મારું આ અંતર શુદ્ધ થાય ને વૃત્તિનો નિગ્રહ સિદ્ધ થાય
તો આત્મવિજ્ઞાન પ્રકાશી ઊઠે, આ જીવ નિદ્રાવશ જાગી ઊઠે. ૧૦૦

જો મારું આ અંતર શુદ્ધ થાય ને [ચિત્ત]વૃત્તિનો નિગ્રહ [= સંયમ] સિદ્ધ થાય તો આત્મવિજ્ઞાન પ્રકાશી ઊઠે [અને એ રીતે] આ [મોહ] નિદ્રાવશ જીવ [જ્ઞાનપ્રકાશમાં] જાગી ઊઠે.

ભટ્ટ સાહેબ દ્વારા રચિત ગુરુદેવ શ્રી હરિઃ ૐ મોટા પ્રત્યેની આ સ્તુતિના લગભગ પ્રત્યેક શ્લોકમાં અધ્યાત્મનું રહસ્યમય ઊંડાણ રહેલું છે. બોલવામાં સરળ લાગતી આ સ્તુતિમાં અધ્યાત્મ સંબંધી ઘણી બધી વાતો ગર્ભિત રીતે કહેવાયેલી છે. ૯૯મા શ્લોકમાં અધ્યાત્મના માર્ગમાં રહેલા વિક્ષેપોરૂપી અવરોધોને નિર્મળ-ચિત્ત દ્વારા દૂર કરવાની પ્રાર્થના ગુરુદેવ સમક્ષ કરવામાં આવી છે. આ અગાઉ આપણે વિગતે શુદ્ધ ચિત્ત કે ચિત્તશુદ્ધિની ચર્ચા કરી ચૂક્યા છીએ. આ પછીની ૧૦૦મા શ્લોકમાં વૃત્તિ, નિદ્રા અને આત્મવિજ્ઞાન જેવી બાબતોની પર્યાપ્ત સમજૂતી જરૂરની બને છે.

મહર્ષિ પતંજલિના યોગસૂત્રોમાં સૌથી પ્રથમ સૂત્ર છે, જેમાં ચિત્તવૃત્તિના નિરોધને યોગ તરીકે વર્ણવામાં આવ્યો છે. શ્રી રમણ મહર્ષિ દ્વારા રચિત ઉપદેશ સાર સ્તોત્રના અઢારમા શ્લોકમાં વૃત્તિની વાત કરવામાં આવી છે. ‘વૃત્તિના જે વિવિધ પ્રકાર, અહંવૃત્તિ તેનો આધાર; સકળ વૃત્તિઓને મન જાણ, તે મન નિશ્ચે અહંપ્રમાણ.’ આ વૃત્તિઓ શું છે તેની સમજૂતી આપતાં શ્રી રમણ મહર્ષિ કહે છે કે સર્વ વૃત્તિઓનો સમૂહ કે પ્રવાહ अहम् વૃત્તિ પર આશ્રિત કે અવલંબિત છે. વૃત્તિના બે પ્રકાર પાડવામાં આવે છે : इदम् વૃત્તિ અને अहम् વૃત્તિ. અનેકવિધ વૃત્તિઓ કે વિષયોના વિચાર માટે ‘इदम्’વૃત્તિ અને જેમાંથી સર્વ વિચારો કે વૃત્તિઓ આકાર લે છે તે ‘अहम’વૃત્તિ. વાસ્તવમાં પ્રત્યેક વૃત્તિના બે અંશ છે ‘इदम्’ અને ‘अहम्’. જેનો વિષય બદલાય છે તે ‘इदम्’ અને જે સર્વ વૃત્તિ અને વિષય કે વિચારને જાણે છે તે ‘अहम्’, જેના વગર અન્યવૃત્તિ કે વિચાર સંભવી શકે નહિ.

શ્રી રમણ મહર્ષિ સમજાવે છે : ‘‘મનમાં ઉદ્ભવતા સર્વ વિચારોમાં-સર્વવૃત્તિઓમાં પ્રથમ અને મુખ્ય વિચાર ‘अहम’નો-‘હું’નો હોય છે. આ ‘હું’નો વિચાર જાગ્યા પછી જ બીજા વિચારો, બીજી ‘इदम’ વૃત્તિઓ ઉદ્ભવે છે. પહેલાં ‘હું’ પછી મારું ઘર, મારી સંપત્તિ, મારું કુટુંબ વગેરે ઉદ્ભવે છે. આથી વૃત્તિઓનો નિગ્રહ સિદ્ધ કરવા માટે જેમાંથી - ‘હું’માંથી અનેકવિધ વૃત્તિઓ ઊભી થાય છે તે અહંકાર કે અહમ્‌વૃત્તિને અંકુશિત કરવી પડે છે.’’ ભટ્ટ સાહેબ આ વૃત્તિનો નિગ્રહ સિદ્ધ કરવાની અભીપ્સા સેવે છે. પૂજ્ય શ્રીમોટા સાધકની પ્રકૃતિ પ્રમાણે જુદા જુદા ઉપાયો - સાધનો સૂચવે છે, પરંતુ આ સાથે વૃત્તિનું મૂળ શોધવાનો માર્ગ પણ સૂચવે છે.

પ્રશ્ન એ છે કે આ વૃત્તિનું મૂળ શોધાય શી રીતે ? શ્રીમોટાએ આત્મવિચાર દ્વારા વૃત્તિનું મૂળ શોધવાની વાત કરી છે. તેઓએ કહ્યું છે : ‘‘વૃત્તિનું મૂળ વિચારતાં વિચારતાં હાથ લાગે. એકમાંથી બીજામાં, બીજામાંથી

ત્રીજામાં, એમ ઊતરતા જવું એટલે મૂળની ખબર પડશે જ.'' શ્રી રમણ મહર્ષિ કહે છે : ''આ માટે 'હું કોણ ?' [આત્મવિચાર]ની વિચારણા ચલાવવામાં આવે તો મન પોતાના જન્મસ્થાન હૃદયમાં પાછું વળે છે અને ઊઠેલો વિચાર [વૃત્તિ] વિલય પામે છે. જો મન હૃદયમાં સ્થિર થાય તો સકળ વિચારોના મૂળરૂપી 'હું' અદૃશ્ય થાય છે અને સદા વિદ્યમાન આત્મા પ્રકાશી ઊઠે છે. અહંવૃત્તિના મૂળ વિચારની સાધના વડે જેનું દર્શન થાય છે તે વસ્તુતઃ હૃદયચૈતન્યનો પ્રકાશ છે, જેમાં મનરૂપી પ્રતિબિંબ સંપૂર્ણપણે - પૂર્ણતઃ વિલીન થઈ જાય છે.'' ભટ્ટ સાહેબ લખે છે તે પ્રમાણે : ''તો આત્મવિજ્ઞાન પ્રકાશી ઊઠે.'' અને જો આમ થાય તો.: ''આ જીવ નિદ્રાવશ જાગી ઊઠે.'' અહીં નિદ્રાનો અર્થ અહંકાર, અજ્ઞાન, અવિદ્યા, માયા વગેરે કરી શકાય. ઉપદેશસારના છેલ્લા શ્લોકમાં શ્રી રમણ મહર્ષિ લખે છે : ''अहमपेतकं निजविभानकम्'' ''અહંકાર ગાળે છે જેહ, જ્ઞાન સ્વરૂપનું પામે તેહ.''

તમિસ્ર ભેદી હૃદયે વસેલું પ્રકાશી ઊઠે મુજ આત્મભાનુ
એવી કૃપાને વરસાવી નાથ ! મારા કરો જીવનમાં પ્રકાશ. ૧૦૧

હૃદયે વસેલું [અજ્ઞાનરૂપી] તમિસ્ર [= અંધારું] ભેદી [ને] મુજ આત્મભાનુ પ્રકાશી ઊઠે એવી કૃપાને વરસાવી [ને] [હે] નાથ ! મારા જીવનમાં પ્રકાશ કરો.

તમે બની ચુંબક સોયને આ દ્યો ફેરવી લક્ષ્ય તણી દિશામાં;
હો ઈશભક્તિ ધ્રુવ લક્ષ્ય મારું, સંસારી ભાવો સઘળા વિસારું. ૧૦૨

તમે ચુંબક બની [ને] આ સોયને લક્ષ્ય તણી દિશામાં ફેરવી દ્યો. ઇશભક્તિ મારું ધ્રુવ [= અચળ] લક્ષ્ય હો. હું સઘળા સંસારી ભાવો [ને] વિસારું.

ભટ્ટ સાહેબના આ ૧૦૧મા શ્લોકનું વિશ્લેષણ કરતાં મને પેલી પ્રાર્થનાનું સ્મરણ થાય છે જેમાં કહેવાયું છે : 'અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા, ઊંડા અંધારેથી પરમ તેજે તું લઈ જા.' મહર્ષિ શ્રી અરવિંદ કહે છે : ''ખિન્નતા અને અંધકાર અને નિરાશાના હુમલા સાધનામાર્ગની એક પરંપરા છે.'' શ્રી અરવિંદ પોતાના જાત અનુભવને ટાંકીને કહે છે કે જો સાધક નક્કી કરે તો તેમને ટાળી શકે. તેથી જ્યારે જ્યારે સાધકોમાં તેનાં હુમલા થાય ત્યારે શ્રી અરવિંદ તેમની સામે શ્રદ્ધાનો ઉપદેશ ધરે છે. તેમ છતાં પણ જો તે આવે તો સાધકે શક્ય તેટલું જલદીથી તેમાંથી પસાર થઈ જવું જોઈએ અને ફરી પાછા સૂર્યપ્રકાશમાં આવી જવું જોઈએ. આ ત્યારે જ શક્ય બની શકે કે જ્યારે સાધક પાસે શ્રદ્ધા તથા સમર્પણનો એક સ્વાભાવિક ભાવ હોય, અથવા તેનું મુખ ટેવ રૂપે પ્રકાશ તરફ વળેલું હોય. શ્રદ્ધા અને સમર્પણની વાત આગળના શ્લોકોમાં વિગતે થઈ હોવાથી અત્રે એનો વિસ્તાર અને પુનરાવર્તન ટાળીશું.

૧૦૨ નંબરના શ્લોકમાં જિજ્ઞાસુ ગુરુવર્યને એવી પ્રાર્થના કરે છે કે જેમ લોહચુંબક લોખંડને ખેંચી લે છે એવી રીતે, પોતાને પણ તેમના તરફ ખેંચીને પોતાના પથ - અધ્યાત્મપથ, આત્માની ઓળખનો - સ્વરૂપની પ્રાપ્તિનો - પ્રભુપ્રાપ્તિનો માર્ગ દેખાડી દે અથવા તે તરફનું મુખ કરવામાં સહાય કરે. અલબત્ત, ત્યાર પછીની યાત્રા તો જિજ્ઞાસુએ જાતે જ કરવાની હોય છે. જે. કૃષ્ણમૂર્તિ તો કહે છે : ''ગુરુ તો માર્ગદર્શક પાટિયા જેવો જ છે.'' 'સંસારી ભાવો' એટલે 'આ મારું, આ તારું'નાં વલણો. આમાંથી કેવી રીતે છૂટી શકાય એને સમજાવતાં શ્રી વિમલાબહેન ઠકાર કહે છે : '' 'જ્યાં જ્યાં મારું શબ્દ પ્રયોગ થાય ત્યાં ત્યાં મારું કહેનારું જે છે તે તેનાથી ન્યારું છે.' આટલી સમજણ જો તમને પડે તો ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનો જે વિચાર ગીતામાં છે તે તમારાથી સમજી શકાશે.'' ગીતાજીનો તેરમો અધ્યાય 'ક્ષેત્રક્ષેત્રજ્ઞયોગ' નામનો છે. તેમાં શ્રી ભગવાન શ્રી કૃષ્ણ અર્જુનને કહે છે : ''હે કૌંતેય ! આ શરીર તે ક્ષેત્ર કહેવાય છે અને એને જે જાણે છે તેને તત્ત્વજ્ઞાનીઓ ક્ષેત્રજ્ઞ કહે છે અને

વળી હે ભારત ! બધાં ક્ષેત્રો - શરીરોને વિશે રહેલા મને ક્ષેત્રજ્ઞ જાણ, ક્ષેત્ર તથા ક્ષેત્રક્ષેત્રજ્ઞના ભેદનું જ્ઞાન તે જ્ઞાન છે એમ મારો અભિપ્રાય છે.''

આ અધ્યાયની સમજૂતી આપતાં જ્ઞાનદેવ મહારાજ કહે છે : ''લોહચુંબકનો સંસર્ગ થયો કે લોખંડ ખેંચાઈ જાય, પરંતુ તે સ્વતઃ લોહચુંબક નથી બની શકતું. તેટલો ફરક છે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનો. દીપકની જ્યોતથી ઘરનો બધો વ્યવહાર ચાલે, પરંતુ ઘર અને જ્યોતમાં ખૂબ અંતર હોય છે. લાકડામાં અગ્નિ છુપાયો છે, પરંતુ અગ્નિ એ લાકડું નથી. તે દૃષ્ટિએ ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞને મૂલવીએ. નભ અને વાદળ, સૂર્ય અને મૃગજળ એમાં જેટલો ફરક, તેટલો જ ફરક ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞમાં. આકાશમાં એકલો સૂર્ય જુદાં-જુદાં ભુવનોને પ્રકાશિત કરે છે તે રીતે ક્ષેત્રજ્ઞ ભિન્ન ભિન્ન ક્ષેત્રોનો આભાસ નિર્માણ કરે છે. આટલું નિશ્ચિત જાણ...''

'હો ઈશભક્તિ ધ્રુવ લક્ષ્ય મારું' આ પ્રાર્થના ક્યારે સિદ્ધ થાય કે જ્યારે 'હું દેહ છું' એવો અધ્યાસ છે તે છૂટી જાય. દેહ સાથે ચીટકેલા 'હુંપણાને' ઉખાડી આત્મા સાથે ચોંટાડી દેવાની જ યાત્રા છે. જ્ઞાનદેવ મહારાજ કહે છે : ''શરીર અને આત્મા વચ્ચેનો ભેદ સમજવા ચતુર પુરુષ જ્ઞાની પાસે જાય છે. તેને માટે શાંતિરૂપ સંપત્તિનો સંગ્રહ કરે છે... શરીરાદિને તુચ્છ માની ભાવપૂર્વક સંતોનાં ચરણ સેવે છે. આ રીતે વિવિધ પ્રકારથી જ્ઞાનપ્રાપ્તિને માટે પ્રયાસ કરે છે અને પછી જ ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞનો વિવેક કરવામાં યશ પ્રાપ્ત કરે છે.'' ***(ક્રમશઃ)***

૧૫. સદ્‌ગુરુનો સમાગમ - સિસ્ટર નિવેદિતા સ્કૂલ

સામાન્ય રીતે માણસ સદ્‌ગુરુની શોધમાં આખી જિંદગી ભટકતો ફરે છે, પણ ભાગ્યે જ કોઈને સદ્‌ગુરુનો સમાગમ થાય છે. પરંતુ મોટાને તો પ્રભુકૃપાથી સદ્‌ગુરુ જ શોધતા આવ્યા !

મોટા નડિયાદમાં હરિજન-કાર્ય કરતા હતા. સાથેસાથે પોતાની સૂઝ-સમજ પ્રમાણે તેઓ આધ્યાત્મિક સાધના પણ કરતા હતા. 'હરિઃૐ'નો જપ સતત ચાલુ રહે એની કાળજી લેતા. આર્તભાવે જપ કરતા. નિર્ભયતા કેળવવા મોટા રાત્રે સ્મશાનમાં એકલા જઈને સૂતા. મોટા દિવસનો ઘણોખરો ભાગ મૌન પાળતા. જરૂર કરતાં વધારે બોલતા નહિ. ચર્ચામાં કે વાદ-વિવાદમાં રસ લેતા નહિ.

નામસ્મરણ, આર્તભાવે પ્રાર્થના, ભજન વગેરે કર્યા કરતા. પરંતુ મોટા પોતાની આ સાધનાની કોઈને જાણ થવા દેતા નહિ.

એ વેળા એક દિવસ અમદાવાદથી એક ભાઈ નડિયાદ આવ્યા. તેમનું નામ હતું નાનુભાઈ કંથારિયા. તેમણે મોટાને કહ્યું : 'અમદાવાદમાં એલિસબ્રિજ પાસે સાબરમતીના કિનારે એક મહાત્મા રહે છે. તેમનું નામ છે બાલયોગી મહારાજ. ધૂણી ધખાવીને મસ્તીમાં પડી રહે છે. બાલયોગી મહારાજ વારંવાર બોલે છે : નડિયાદથી ચુનીલાલ ભગતને બોલાવો. માટે તમને હું ગાડીભાડાના પૈસા આપું છું. તમે એક વાર બાલયોગી મહારાજ પાસે જઈ તો આવો ! તેઓ શું કહે છે એ જુઓ તો ખરા !'

બાલયોગી મહારાજને મોટા કદી મળ્યા ન હતા. મોટાએ તેમને ક્યાંક જોયા પણ ન હતા. મોટાનું નામ લઈને તેઓ શી રીતે બોલાવતા હશે ? મોટા ખૂબ નવાઈ પામ્યા.

એટલે મોટા એક દિવસ અમદાવાદ બાલયોગી મહારાજ પાસે ગયા. બાલયોગીજીએ મોટાને સત્કાર્યા. મોટા ત્યાં ચાર-પાંચ દિવસ રહ્યા. બાલયોગીજી પછીથી મોટાને મળવા ત્રણેક વાર નડિયાદ આવ્યા હતા. છેવટે બાલયોગીજીએ ઈ.સ. ૧૯૨૪ના વસંતપંચમીના શુભ દિવસે મોટાને દીક્ષા આપી.

('વન્દે તવ ચરણમ્' પ્ર.આ. પૃ. ૪૮-૪૯)

મિલન સમારંભ
તારીખઃ- ૧૮.૦૯.૨૦૨૨ રવિવાર, ભાદરવા વદ આઠમ, સંવત ૨૦૭૮

(Printed Matter)

RNI No. GUJGUJ/2018/76364

Printed and Published by RAJENDRA BACHUBHAI RAVAL on behalf of HARI OM ASHRAM - NADIAD and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., City Mill Compound, Kankaria Road, Ahmedabad-380022 and **published from HARI OM ASHRAM - P.B. No. 74, NADIAD-387001.**

Hon'ble Editor RAJENDRA BACHUBHAI RAVAL